RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
Volume : 18
Issue : 139
Dt.: 30-01-2026,
Friday
Page : 04
Rs.00.50 paisa



# ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

### વિદ્યા પ્રતિષ્ઠાનમાં રાજકીય સન્માન સાથે કરાયા અંતિમ સંસ્કાર

# શોકમગ્ન મહારાષ્ટ્ર: અજિત દાદા પંચમહાભૂતમાં વિલીન

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મહારાષ્ટ્રના બારામતીમાં બુધવારે ૨૮ જાન્યુઆરીએ સર્જાયેલી વિમાન દુર્ઘટનામાં મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારનું અવસાન થયું છે. આ દુર્ઘટના લેન્ડિંગના પ્રયાસ દરમિયાન સર્જાઈ હતી. વિમાન દુર્ઘટનામાં અજિત પવાર સહિત પાઈલટ કેપ્ટન સુમિત કપૂર, કો-પાઈલટ શાંભવી પાઠક, ફ્લાઈટ એટેન્ડન્ટ પિંકી માળી અને પર્સનલ સિક્યોરિટી ઓફિસર વિદીપ જાધવનું મોત થયું છે. આ ઘટનાએ સમગ્ર દેશમાં હલચલ મચાવી દીધી છે.

વિમાન દુર્ઘટનામાં અજિત પવારના નિધનથી મહારાષ્ટ્ર સરકારે ત્રણ દિવસના રાજકીય શોકની જાહેરાત કરી છે. નાગરિક ઉડ્ડયન મંત્રાલય હેઠળની AAIB (એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો) આ દુર્ઘટનાની તપાસ કરી રહી છે.

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારના અંતિમ સંસ્કાર આજે બારામતીના વિદ્યા પ્રતિષ્ઠાન મેદાનમાં રાજકીય સન્માન સાથે કરવામાં આવ્યા છે. અજિત પવારનો પાર્થિવ દેહ પંચમહાભૂતમાં વિલીન થયો છે. તેમના દીકરા પાર્થ પવાર અને જય પવારે તેમને મુખાગ્નિ આપી હતી. આપને જણાવી દઈએ કે, અજિત પવારની અંતિમયાત્રામાં હજારો લોકો જોડાયા હતા. તો અજિત પવારના અંતિમ સંસ્કારમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, ભાજપ રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીન, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે સહિત અનેક દિગ્ગજ નેતાઓ હાજર રહ્યા હતા.

## તેમના દીકરા પાર્થ પવાર અને જય પવારે તેમને મુખાગ્નિ આપી: મુખ્યમંત્રી ફડણવીસ, એકનાથ શિંદે હાજર રહ્યા

આ ઉપરાંત કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી અને મહારાષ્ટ્રના મંત્રી પંકજા મુંડે, રાધાકૃષ્ણ વિખે પાટીલ, NCP-SPના વરિષ્ઠ નેતા શરદ પવાર, NCPના કાર્યકારી અધ્યક્ષ પ્રફુલ્લ પટેલ, પ્રદેશ NCP અધ્યક્ષ સુનીલ તટકરે અને રાજ્યમંત્રી હસન મુશ્રીફ સહિત અનેક નેતાઓ અજિત પવારને શ્રદ્ધાંજલિ આપવા બારામતીમાં વિદ્યા પ્રતિષ્ઠાન પહોંચ્યા હતા.

અજિત પવારના નિધન પર મહારાષ્ટ્રમાં ૩ દિવસનો રાજકીય શોક જાહેર કરવામાં આવ્યો છે. અજિત પવારને મહારાષ્ટ્ર રાજ્યના રાજકારણમાં પ્રભાવશાળી અને નિર્ણાયક નેતા માનવામાં આવતા હતા. અજિત પવારે પોતાની ૪૫ વર્ષની રાજકીય સફરમાં એક વખત સાંસદ, ૭ વખત ધારાસભ્ય અને ૬ વખત ડેપ્યુટી સીએમ તરીકે સેવા આપી. એટલું જ નહીં, તેઓ મહારાષ્ટ્રમાં સૌથી વધુ બજેટ રજૂ કરનારા નાણામંત્રી પણ રહ્યા છે. મહારાષ્ટ્રની રાજનીતિમાં તેઓ રાજકીય ધુરી માનવામાં આવતા હતા, જેના કારણે મુખ્યમંત્રી ફડણવીસે તેમને પોતાના રાજકીય બેલેન્સ જાળવવા માટે સાથે રાખ્યા હતા.

અજિત પવાર તેમના કાકા શરદ પવારની આંગળી પકડીને રાજનીતિમાં આવ્યા અને તેમની છત્રછાયામાં રાજકીયની રણનીતિઓ શીખ્યા, પરંતુ સમય જતાં તેઓ મહારાષ્ટ્રના સૌથી પ્રભાવશાળી નેતા તરીકે ઉભરી આવ્યા. છેલ્લા ૧૬ વર્ષમાં મહારાષ્ટ્રમાં ગમે તે પક્ષની સરકાર રહી હોય, પરંતુ ડેપ્યુટી સીએમની ખુરશી હંમેશા અજિત પવાર પાસે જ રહી છે. પવાર, પોતાની પાછળ બે પુત્રો જય અને પાર્થ, પત્ની સુનેત્રા સહિત પરિવારને છોડી ગયા છે. તેમના નિધનથી મહારાષ્ટ્રની રાજનીતિને મોટી ખોટ પડી છે. અજિત પવાર છ વખત મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી રહ્યા હતા.



# શશી થરૂરની રાહુલ ગાંધી અને ખડગે સાથે બેઠક થઈ: કોંગ્રેસમાં આંતરિક ખેંચતાણ સમાપ્ત

### થરૂરે રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગે સાથે થયેલી વાતચીતને ખૂબ જ રચનાત્મક અને સકારાત્મક ગણાવી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સંસદમાં ગુરુવારે કોંગ્રેસના સાંસદ શશિ થરૂર અને રાહુલ ગાંધી વચ્ચે એક સંક્ષિપ્ત પરંતુ ખૂબ જ મહત્વપૂર્ણ મુલાકાત થઈ હતી. આ બેઠક બાદ થરૂરે હસતા હસતા કહ્યું કે, "બધું બરાબર જ છે." તેમના આ નિવેદને કોંગ્રેસની અંદર ચાલી રહેલા મતભેદો અને અસંતોષના સમાચારો પર વિરામ લગાવી દીધો છે. થરૂરે રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગે સાથે થયેલી વાતચીતને ખૂબ જ રચનાત્મક અને સકારાત્મક ગણાવી હતી. તેમણે સ્પષ્ટતા કરી કે, હવે તેઓ અને પાર્ટી નેતૃત્વ એક જ વાત પર સંમત થયા છે.

ગત થોડા મહિનાઓથી શશિ થરૂર અને કોંગ્રેસ નેતૃત્વ વચ્ચે તણાવના સમાચારો આવી રહ્યા હતા. થરૂરે જાહેર રીતે સ્વીકાર કર્યો હતો કે તેમના કેટલાક મુદ્દાઓ છે, જે તેઓ પાર્ટીના મંચ પર ઉઠાવવા માંગે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, તેઓ ૧૭ વર્ષથી કોંગ્રેસમાં છે અને તેમણે ક્યારેય સંસદમાં પાર્ટીના વલણની અવહેલના કરી નથી.

વિવાદની શરૂઆત ત્યારે થઈ જ્યારે થરૂરે પાર્ટીની એક મહત્વપૂર્ણ બેઠકમાં ભાગ લેવાનું ટાળ્યું હતું. જો કે, તેમણે ત્યારબાદ સ્પષ્ટતા કરી કે, તેઓ એક સાહિત્ય ઉત્સવમાં ગયા હતા અને આ અંગે તેમણે પહેલા જ પાર્ટીને જાણ કરી દીધી હતી. ઉપરાંત, કોચ્ચિમાં પાર્ટીના એક કાર્યક્રમમાં તેમની સાથે થયેલા કથિત ખરાબ વ્યવહારના સમાચારો અંગે પણ તેમણે મૌન સેવ્યું હતું. પાર્ટીની અંદર અસલી બેચેની ત્યારે વધી જ્યારે ગત વર્ષે એપ્રિલમાં પહલગામ આતંકવાદી હુમલા બાદ થરૂરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંકટ પ્રબંધનના વખાણ કર્યા હતા. કોંગ્રેસના અનેક નેતાઓએ આ અંગે તીખી પ્રતિક્રિયા આપી હતી. ત્યારબાદ ભાજપે થરૂરને એક આંતર-સંસદીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરવા માટે આમંત્રિત કર્યા હતા. જેનો તેમણે સ્વીકાર પણ કર્યો હતો. આ દળમાં કોંગ્રેસના બીજા કોઈ નેતા નહોતા, જેના કારણે તેઓ ભાજપમાં જોડાશે તેવી અફવાઓ ઉડવા લાગી હતી. તણાવ ત્યારે વધુ વધ્યો જ્યારે થરૂરે વડાપ્રધાનના એક ભાષણના સોશિયલ મીડિયા પર વખાણ કર્યા અને 'ભારતીય રાજનીતિ એક પારિવારિક વ્યવસાય છે' શીર્ષક સાથે એક લેખ લખ્યો. આ લેખમાં તેમણે વંશવાદી રાજનીતિની ટીકા કરી હતી. જેના કારણે કોંગ્રેસ નેતૃત્વ નારાજ થયું હતું. જો કે, થરૂરે વારંવાર સ્પષ્ટતા કરી કે તેમની ટિપ્પણી કોઈ રાજકીય વ્યૂહરચનાનો હિસ્સો નહીં પરંતુ રાષ્ટ્રહિતથી પ્રેરિત હતી. તેમણે સ્પષ્ટ કર્યું કે, વડાપ્રધાનના વખાણ કરવાનો અર્થ એ નથી કે તેઓ ભાજપમાં જોડાઈ રહ્યા છે, પરંતુ તે રાષ્ટ્રીય એકતાનો સંદેશ છે. હવે રાહુલ ગાંધી સાથેની મુલાકાત બાદ માનવામાં આવી રહ્યું છે કે, પાર્ટીના આંતરિક મતભેદો ઉકેલાઈ ગયા છે.

## યુએસ-મેક્સિકો સરહદે બોર્ડર પેટ્રોલના જવાનોના ફાયરિંગમાં માનવ તસ્કર ઈજાગ્રસ્ત

(સંપૂર્ણ સમાચાર સેવા)

એરિવાકા (યુએસ), તા.૨૯

અમેરિકા અને મેક્સિકોની સરહદ નજીક માનવ તસ્કરીના વ્યવસાય સાથે સંકળાયેલા એક વ્યક્તિ ઉપર બોર્ડર પેટ્રોલના જવાનોએ કરેલાં ફાયરિંગમાં તે ગંભીર રીતે ઈજા પામ્યો છે. આ માનવ તસ્કરે સૌ પ્રથમ બોર્ડર પેટ્રોલના જવાનોના હેલિકોપ્ટર ઉપર ફાયરિંગ કર્યું હતું જેના જવાબમાં જવાનોએ સામે ફાયરિંગ કરીને તેને ઈજાગ્રસ્ત કરી નાંખ્યો હતો એમ સત્તાવાળાઓએ કહ્યું હતું. ફેડરલ એજન્ટોએ ૩૪ વર્ષીય એરિઝોનાના રહિશ એવા આ માનવ તસ્કરને એરિવાકા નજીક એક ચાર રસ્તા પાસે ટ્રાફિકમાં રોકીને તેને ઝડપી લેવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તેણે એજન્ટો ઉપર ફાયરિંગ કર્યું હતું અને બાદમાં તેઓના હેલિકોપ્ટર ઉપર પણ ફાયરિંગ કર્યું હતું, જેના જવાબમાં એજન્ટોએ પણ વળતો ગોળિબાર કરતાં તેને ગોળી વાગી હતી અને તેને ગંભીર રીતે ઘાયલ થયો હતો એમ અહીંના ફિનિક્સ શહેર સ્થિત એફબીઆઈના મથકના વડા હિથ જેકે કહ્યું હતું.

### ભારતમાં સોશિયલ મીડિયા માટે નક્કી કરાશે ઉંમર?

# બાળકોમાં ડિજિટલ વ્યસન અંગે કેન્દ્ર સરકાર ચિંતિત

### આ આર્થિક સર્વેક્ષણમાં ડિજિટલ પ્લેટફોર્મની નકારાત્મક અસરોને ઘટાડવા માટે કેટલાક કડક પગલાં ભરવાનું સૂચન કરવામાં આવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત સરકારે ગુરુવારે સંસદમાં રજૂ કરેલા વાર્ષિક આર્થિક સર્વેક્ષણમાં દેશના યુવાનો અને બાળકોમાં વધતી જતી ડિજિટલ લત અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. સર્વેક્ષણમાં સૂચવવામાં આવ્યું છે કે, સોશિયલ મીડિયા અને ઓનલાઈન ગેમ્બલિંગ (સટ્ટાબાજી) એપ્સ સુધી પહોંચવા માટે વય-આધારિત મર્યાદાઓ નક્કી કરવા પર વિચાર કરવો જોઈએ.

આ અહેવાલ નાણામંત્રી નિર્મલા સીતારમણ દ્વારા કેન્દ્રીય બજેટ રજૂ કરવાના થોડા દિવસો પહેલા જ રજુ કરવામાં આવ્યો છે. નાણામંત્રીએ ગુરુવારે રાજ્યસભામાં આર્થિક સર્વેક્ષણ ૨૦૨૫-૨૬ની નકલ સદનના પટલ પર મૂકી હતી. આર્થિક સર્વેક્ષણ સરકાર દ્વારા રજૂ કરવામાં આવતો એક મહત્વપૂર્ણ દસ્તાવેજ છે. જેમાં દેશના લગભગ દરેક આર્થિક મોરચાની ઝીણવટભરી સમીક્ષા કરવામાં આવે છે અને આગામી વર્ષના વિકાસ તેમજ પડકારો રજૂ કરવામાં આવે છે.

**મુખ્ય ભલામણો અને ચિંતાઓ**

આ આર્થિક સર્વેક્ષણમાં ડિજિટલ પ્લેટફોર્મની નકારાત્મક અસરોને ઘટાડવા માટે કેટલાક કડક પગલાં ભરવાનું સૂચન કરવામાં આવ્યું છે :

**પ્લેટફોર્મની જવાબદારી:** રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, સોશિયલ મીડિયા અને ગેમ્બલિંગ એપ્સને વય ચકાસણી લાગુ કરવા માટે જવાબદાર ઠેરવવી જોઈએ.

**ફીચર્સ પર નિયંત્રણ:** બાળકો અને યુવાનો માટે ઓટો-પ્લે વીડિયો ફીચર્સ અને ટાર્ગેટેડ જાહેરાતો પર નિયંત્રણ લાવવાની વાત કરવામાં આવી છે, કારણ કે આ ફીચર્સ સ્ક્રીન ટાઈમ વધારવા અને લત લગાવવામાં મોટી ભૂમિકા ભજવે છે.

**પારિવારિક ભૂમિકા:** સર્વેક્ષણમાં માત્ર કાનૂની ઉપાયો પર જ નહીં, પરંતુ સામાજિક પરિવર્તન પર પણ ભાર મૂકવામાં આવ્યો છે. પરિવારોને સ્ક્રીન-ટાઈમ લિમિટ, ડિવાઈસ-ફ્રી સમય અને ઓફલાઈન પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવાની સલાહ આપવામાં આવી છે.

વર્તમાનમાં ભારત ફેસબુક, યુટ્યુબ અને X જેવા પ્લેટફોર્મ્સ માટે વિશ્વના સૌથી મોટા બજારોમાંનું એક છે. જોકે, ભારતમાં અત્યાર સુધી સોશિયલ મીડિયાના ઉપયોગ માટે કોઈ સમાન રાષ્ટ્રીય લઘુત્તમ વય નિર્ધારિત નથી. સર્વેક્ષણ મુજબ, ડિજિટલ લત માત્ર માનસિક સ્વાસ્થ્યને જ નહીં, પરંતુ ઉત્પાદકતા અને સામાજિક વર્તનને પણ અસર કરી રહી છે.

### કંપની હવે જનરેટિવ એઆઈના ઉપયોગની દિશામાં આગળ વધી રહી છે: એમેઝોન

# એમેઝોનમાં ફરી મોટા પાયે છટણી ૧૬,૦૦૦ કર્મચારીઓની નોકરી જશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વિશ્વની પ્રખ્યાત ઈ-કોમર્સ કંપની એમેઝોન છેલ્લા ત્રણ મહિનામાં બીજી વખત મોટા પાયે કર્મચારીઓની છટણી કરી રહી છે. આ તાજા રાઉન્ડમાં કંપનીના અંદાજે ૧૬,૦૦૦ કર્મચારીઓને પોતાની નોકરી ગુમાવવી પડશે.ટેક જાયન્ટ એમેઝોને જણાવ્યું છે કે તે કોર્પોરેટ કર્મચારીઓના સ્થાને જનરેટિવ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)નો ઉપયોગ કરવાની દિશામાં આગળ વધી રહી છે. સાથે જ, કોવિડ-૧૯ મહામારી દરમિયાન ઝડપથી વધેલા વર્કફોર્સને હવે ધીમે ધીમે ઘટાડી રહી છે. એમેઝોનની સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ બેથ ગેલેટ્ટીએ બુધવારે જણાવ્યું કે કંપની "મેનેજમેન્ટના સ્તરો ઘટાડીને, જવાબદારી વધારીને અને ઓફિસર્સ દૂર કરીને" સંસ્થાકીય ફેરફારો કરી રહી છે. ઓક્ટોબરમાં ૧૪,૦૦૦ કર્મચારીઓની છટણી પછી આ નવી છટણીમાં ૧૬,૦૦૦ કર્મચારીઓને નોકરી ગુમાવવી પડશે. અમેરિકા સ્થિત કર્મચારીઓને કંપનીની અંદર નવી ભૂમિકા (નોકરી) શોધવા માટે ૯૦ દિવસનો સમય આપવામાં આવશે. જો તેઓ નવી નોકરી મેળવવામાં નિષ્ફળ રહેશે અથવા નવી ભૂમિકા સ્વીકારશે નહીં, તો તેમને સેવરન્સ પે, આઉટપ્લેસમેન્ટ સેવાઓ અને હેલ્થ ઈન્શ્યોરન્સનો લાભ આપવામાં આવશે. જોકે, તેમણે દાવો કર્યો કે, આ ફેરફારો સાથે સાથે અમે ભવિષ્ય માટે મહત્વપૂર્ણ વ્યૂહાત્મક ક્ષેત્રોમાં ભરતી અને રોકાણ ચાલુ રાખીશું.એમેઝોનના સ્થાપક જેફ બેઝોસ બાદ સીઈઓ તરીકે એન્ડી જેસીએ ૨૦૨૧માં જવાબદારી સંભાળી, ત્યાર પછી તેમણે ખર્ચમાં આક્રમક રીતે ઘટાડો કર્યો છે. એન્ડી જેસીએ ગત જૂન મહિનામાં જણાવ્યું હતું કે આવનાર વર્ષોમાં જનરેટિવ એઆઈના કારણે એમેઝોનની કોર્પોરેટ વર્કફોર્સમાં ઘટાડો થવાની સંભાવના છે.ઉલ્લેખનીય છે કે, ૨૦૨૩માં એમેઝોન કંપનીએ ૨૭,૦૦૦ કર્મચારીઓને નોકરીમાંથી છૂટા કર્યા હતા, ત્યાર પછી નોકરીમાં આ સૌથી મોટો ઘટાડો છે. અમેરિકામાં ભરતી પ્રક્રિયા હાલ ઠપ છે. ડિસેમ્બરમાં દેશમાં માત્ર ૫૦,૦૦૦ નવી નોકરીઓ ઉમેરાઈ હતી. મંગળવારે જ પીનટેરેસ્ટ કંપનીએ પણ પોતાના વર્કફોર્સમાંથી ૧૫ ટકાથી ઓછી છટણી કરવાની યોજના જાહેર કરી, કારણ કે કંપની વધુ રોકાણ એઆઈ તરફ વાળી રહી છે.

### વિમાન દુર્ઘટનમાં સાંસદ સહિત ૧૫ લોકોના કરુણ મોત

# હવે કોલંબિયામાં લેન્ડિંગની ૧૧ મિનિટ પહેલા જ વિમાન ક્રેશ થયું

### કોલંબિયામાં કુકુટાથી ઓકાણા જઈ રહેલું 'Beechcraft 1900' નામનું કોમર્શિયલ વિમાન બુધવારે સવારે ૧૧:૪૨ વાગ્યે ઉડાન ભર્યા બાદ રહસ્યમય રીતે ગુમ થઈ ગયું હતું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કોલંબિયામાં બુધવારે સર્જાયેલી એક ભયાનક વિમાન દુર્ઘટનામાં સાંસદ સહિત તમામ 15 લોકોના કમકમાટીભર્યા મોત નિપજ્યા છે. કોલંબિયામાં કુકુટાથી ઓકાણા જઈ રહેલું 'Beechcraft 1900' નામનું કોમર્શિયલ વિમાન બુધવારે સવારે 11:42 વાગ્યે ઉડાન ભર્યા બાદ રહસ્યમય રીતે ગુમ થઈ ગયું હતું. ઉડાનના થોડા સમય બાદ, લેન્ડિંગની માત્ર 11 મિનિટ પહેલા જ રડાર સાથેનો તેનો સંપર્ક તૂટી ગયો હતો. રાજ્ય એરલાઈન SATENA અનુસાર, વિમાનનો છેલ્લો સંપર્ક 'કૅટટુમ્બો' ક્ષેત્ર ઉપર નોંધાયો હતો, ત્યારબાદ વ્યાપક સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું.સઘન શોધખોળ બાદ બચાવ ટીમોને વિમાનનો કાટમાળ કૅટટુમ્બોના અત્યંત દુર્ગમ અને પહાડી વિસ્તારમાંથી મળી આવ્યો છે. સ્થાનિક મીડિયા અને એરલાઈન સત્તાવાળાઓએ પુષ્ટિ કરી છે કે આ દુર્ઘટનામાં વિમાનમાં સવાર તમામ 13 મુસાફરો અને 2 ક્રૂ મેમ્બર્સ સહિત કુલ 15 લોકોના મોત થયા છે. આ વિસ્તાર ઊબડ-ખાબડ પહાડો અને ખરાબ હવામાન માટે જાણીતો હોવાથી બચાવ કામગીરીમાં ટીમોને ભારે પડકારોનો સામનો કરવો પડ્યો હતો.આ દુર્ઘટનામાં કોલંબિયાની સંસદ (ચેમ્બર ઓફ ડેપ્યુટીઝ) ના સભ્ય ડિયોજેનેસ કિંતેરો અને આગામી ચૂંટણીના ઉમેદવાર કાર્લોસ સાલ્સેડોનું પણ નિધન થયું છે. સાંસદ વિલમર કેરિલોએ આ અંગે ઘેરો શોક વ્યક્ત કરતા જણાવ્યું હતું કે તેમના સાથી કિંતેરો અને તેમની ટીમ આ વિમાનમાં મુસાફરી કરી રહી હતી. તપાસકર્તાઓ હવે મલબાની તપાસ કરી રહ્યા છે જેથી અકસ્માત પાછળ ટેકનિકલ ખામી હતી કે ખરાબ હવામાન તે જાણી શકાય.કોલંબિયાની સિવિલ એવિએશન એજન્સીએ અકસ્માતના કારણોની તપાસ માટે ઉચ્ચ સ્તરીય ટીમની રચના કરી છે. સરકારે મૃતકોના પરિજનોની સહાયતા માટે વિશેષ હેલ્પલાઈન નંબર પણ જારી કર્યો છે. હાલમાં એરોસ્પેસ ફોર્સ અને નાગરિક ઉડ્ડયન સત્તાવાળાઓ ઘટનાસ્થળે પુરાવા એકત્રિત કરી રહ્યા છે.



# તંત્રી લેખ......

## ફરી એક વિમાન દુર્ઘટનાઃ તેઓ ક્યારે પાઠ શીખશે?

બારામતીમાં વિમાન દુર્ઘટનામાં મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારના મૃત્યુથી દેશમાં હવાઈ સલામતી અંગે નવા પ્રશ્નો ઉભા થયા છે. આપણા દેશમાં વિમાન અકસ્માતો વારંવાર થાય છે. અજિત પવાર જેવા ઘણા રાજકારણીઓ અને સામાન્ય લોકોએ આ અકસ્માતોમાં પોતાનો જીવ ગુમાવ્યો છે. મુંબઈ-બારામતી વિમાન દુર્ઘટનામાં પાંચેય ક્રૂ સભ્યોના મોત થયા બાદ, સલામત હવાઈ મુસાફરી અંગે ચિંતાઓ વધી છે. આ ચિંતાઓને દૂર કરવી જરૂરી છે, કારણ કે સામાન્ય અને ઉચ્ચ કક્ષાના લોકો દ્વારા ચાર્ટર ફ્લાઈટ્સનો ઉપયોગ વધુને વધુ થઈ રહ્યો છે. હાલમાં તે સ્પષ્ટ નથી કે બારામતીમાં ઉતરવાનો પ્રયાસ કરી રહેલા વિમાનમાં વિસ્ફોટ અને આગ લાગવાનું કારણ શું હતું. સ્વાભાવિક રીતે, એરક્રાફ્ટ અકસ્માત તપાસ બ્યુરો બ્લેક બોક્સ તપાસ પર આધાર રાખીને આ અકસ્માતની તપાસ કરશે. જોકે, એ હકીકતને અવગણવી અશક્ય છે કે ૨૦૨૩ માં ફજીઇ એવિએશનનું બોમ્બાર્ડિયર લિયરજેટ ૪૫ વિમાન મુંબઈમાં ક્રેશ થયું હતું. આશ્ચર્યજનક છે કે આ અકસ્માત અંગે ફક્ત પ્રારંભિક તપાસ અહેવાલ જ જાહેર કરવામાં આવ્યો છે. આવું કેમ છે તે ધ્યાનમાં લેવું જોઈએ. અજિત પવાર મહારાષ્ટ્રમાં એક પ્રભાવશાળી નેતા હોવાથી, તેમણે તેમના કાકા શરદ પવારથી અલગ થઈને પોતાની પાર્ટી બનાવી હતી, અને તેના નેતા હતા, તેથી એ પ્રશ્ન થવો સ્વાભાવિક છે કે શું તેમનો પક્ષ, એનસીપી , તેમની ગેરહાજરીમાં ટકી રહેશે, અને કોણ જવાબદારી સંભાળશે.

અનુગામી સરકારોમાં નાયબ મુખ્યમંત્રી તરીકે સેવા આપનારા અજિત પવાર વિવાદોમાં ફસાયેલા રહ્યા છે, પરંતુ તેઓ હંમેશા રાજકીય રીતે પ્રભાવશાળી રહ્યા છે. તેમણે તેમના કાકા શરદ પવારને પડકાર ફેંક્યો અને તેમને પાછળ છોડી દીધા. છેલ્લી લોકસભા ચૂંટણીમાં તેમના એનસીપીનું પ્રદર્શન પ્રભાવશાળી નહોતું, તેમણે ફક્ત એક જ બેઠક જીતી હતી. જોકે, વિધાનસભા ચૂંટણીમાં તેમણે ૪૧ બેઠકો જીતીને પોતાની રાજકીય તાકાત દર્શાવી હતી. તેમના મૃત્યુથી મહારાષ્ટ્રમાં રાજકીય ગતિશીલતા બદલાઈ શકે છે. સંખ્યાની દ્રષ્ટિએ એનસીપી મહારાષ્ટ્ર સરકારમાં ત્રીજા ક્રમનો સૌથી મોટો પક્ષ હોવા છતાં, તેનું મહત્વ ભાજપની આગેવાની હેઠળની સરકારમાં એકનાથ શિંદેની શિવસેનાના વર્ચસ્વને ઘટાડવામાં તેની ભૂમિકાને કારણે હતું. તે કોઈ રહસ્ય નથી કે શિવસેના અને ભાજપ સતત મતભેદમાં રહે છે. આ સંઘર્ષ દરમિયાન એનસીપી સંતુલન જાળવનાર રહ્યું છે. છેલ્લા કેટલાક સમયથી, એવી ચર્ચા ચાલી રહી છે કે એનસીપીના બે જૂથો એકસાથે આવી શકે છે. તે જોવાનું બાકી છે કે આ થશે કે નહીં, અને જો એમ હોય તો, કયા સ્વરૂપમાં.

## દવાઓના સંશોધન માટે હવે ટેસ્ટ લાઈસન્સની જરૂર નહીં: સરકારે નિયમો હળવા કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે દેશમાં ફાર્માસ્યુટિકલ સંશોધન અને વિકાસને વેગ આપવા તથા વેપારમાં સરળતા વધારવા માટે 'ન્યૂ ડ્રગ્સ એન્ડ ક્લિનિકલ ટ્રાયલ્સ (NDCT) નિયમો, 2019' માં મહત્વના સુધારા જાહેર કર્યા છે. આ નવા સુધારા મુજબ, ફાર્મા કંપનીઓએ કેટલાંક ચોક્કસ કિસ્સા સિવાય હવે સંશોધન કે પરીક્ષણના હેતુ માટે નાની માત્રામાં દવા બનાવવા માટે અગાઉથી ટેસ્ટ લાઈસન્સ લેવાની જરૂર રહેશે નહીં. કંપનીઓ હવે CDSCO ને માત્ર ઓનલાઈન જાણકારી આપીને દવાનું સંશોધન કાર્ય શરૂ કરી શકશે.આ સુધારો વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિયમનકારી બોજ ઘટાડવા અને 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ' ને પ્રોત્સાહન આપવાના નિર્દેશોને અનુરૂપ છે. અગાઉના નિયમો મુજબ, સંશોધન માટે સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (CDSCO) પાસેથી લાઈસન્સ લેવું ફરજિયાત હતું, જેને હવે ઓનલાઈન જાણકારી આપવાની પદ્ધતિમાં ફેરવી દેવાયું છે. આ ફેરફારથી ડ્રગ ડેવલપમેન્ટના સમયગાળામાં ઓછામાં ઓછા 90 દિવસની બચત થશે, જે ફાર્મા સંશોધનને વેગ આપશે.

### કચરાના વ્યવસ્થાપનમાં દેશનું 'રોલ મોડેલ' ડાયમંડ સિટી હવે 'સર્ક્યુલર ઈકોનોમી' તરફ અગ્રેસર

# સ્માર્ટ સિટી સુરતનું સ્માર્ટ મોડેલ: હવે 'ડાયમંડ સિટી' બનશે 'ઝીરો વેસ્ટ સિટી

એક સમયે માત્ર હીરા અને ટેક્સટાઈલ ઉદ્યોગ માટે જાણીતું સુરત શહેર આજે પર્યાવરણ જાળવણી અને કચરાના નિકાલ માટે સમગ્ર દેશમાં પથદર્શક બની રહ્યું છે. સુરત હવે માત્ર 'ડાયમંડ સિટી' તરીકે નહીં, પણ 'ઝીરો વેસ્ટ સિટી' તરફ આગળ વધી રહ્યું છે. રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલા 'અર્બન ડેવલપમેન્ટ વર્ષ' - શહેરી વિકાસ વર્ષની ઉજવણીના અવસરે સુરત મહાનગરપાલિકાએ આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સાથે 'ગ્રીન ગ્રોથ'ને પણ પ્રાથમિકતા આપી છે.

વિકાસની હરણફાળ ભરી રહેલું સુરત શહેર હવે પર્યાવરણની જાળવણીમાં પણ દેશનું નેતૃત્વ કરી રહ્યું છે. મહાનગરપાલિકાએ આગામી બે વર્ષમાં શહેરમાંથી નીકળતા ઘન બાંધકામ કચરા (C&D Waste)ના ૧૦૦ ટકા રિસાયકલિંગનું લક્ષ્ય રાખ્યું છે. એવી વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે કે શહેરનો કોઈપણ બાંધકામ કચરો ડમ્પિંગ સાઈટ સુધી પહોંચવાને બદલે સ્થળ પર જ અથવા પ્લાન્ટમાં રિસાયકલ થઈ પુનઃ વપરાશમાં લેવાય.

સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરના બાંધકામ અને ડિમોલિશન કચરાનું વૈજ્ઞાનિક રીતે એકત્રીકરણ કરીને તેને ફરી ઉપયોગમાં લેવા માટે કાર્યરત કરાયેલા કન્સ્ટ્રક્શન અને ડિમોલિશન (C&D) વેસ્ટ રિસાયક્લિંગ પ્લાન્ટ હવે સમગ્ર ભારત માટે એક ઉદાહરણરૂપ મોડેલ બન્યો છે. આ પ્રોજેક્ટ શહેરની સાફસફાઈ સાથે પર્યાવરણનું રક્ષણ અને કુદરતી સંસાધનો બચાવવા પણ યોગદાન આપી રહ્યો છે.

બાંધકામના કચરાનું ૧૦૦ ટકા રિસાયક્લિંગ કરતા સુરતની આ સ્માર્ટ પહેલ માત્ર સફાઈ પૂરતી મર્યાદિત નથી, પણ તે પર્યાવરણના જતનનું મોટું અભિયાન બન્યું છે. આ રિસાયક્લિંગ પ્રક્રિયાના પરિણામે દર વર્ષે અંદાજે ૫૦૦ ટનથી વધુ CO2 (કાર્બન ડાયોક્સાઈડ)નું ઉત્સર્જન ઘટાડે છે, જે ૨,૫૦,૦૦૦ કિલો કોલસાની બચત સમાન છે. જેથી કુદરતી સંસાધનો (જેમ કે પથ્થર અને રેતી) ના ખનન પરનું ભારણ ઘટ્યું છે.

સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૪માં સમગ્ર ભારતમાં સૌથી વધુ ગુણ મેળવી સુરતે દેશમા ફરી એકવાર સ્વચ્છતામાં આગવી ઓળખ ઉભી કરી છે. સુપર સ્વચ્છ લીગમાં સુરત સતત અગ્રેસર રહ્યું છે, ઝીરો વેસ્ટ મેનેજમેન્ટ તરફ દૃઢ પ્રયાસો થઈ રહ્યા છે. સુરત મનપા, રાજ્ય અને કેન્દ્ર સરકારના માર્ગદર્શન હેઠળ કચરાને વૈજ્ઞાનિક રીતે રિસાઈકલ અને વેસ્ટ મેનેજમેન્ટ કરવામાં આવે છે. શહેરમાં બાંધકામ અને ડિમોલીશન વેસ્ટના ઘન કચરામાંથી બેસ્ટ પ્રોડક્ટસનું ઉત્પાદન કરવા માટે કન્સ્ટ્રક્શન અને ડિમોલીશન વેસ્ટ પ્લાન્ટની સ્થાપના કરવામાં આવી છે.

સુરતના કોસાડ ખાતે ૩૦૦ મેટ્રિક ટન પ્રતિ દિવસ ક્ષમતા ધરાવતો પ્લાન્ટ જનભાગીદારી (PPP) મોડલ હેઠળ કાર્યરત છે, જેમાં દરરોજ અંદાજિત ૮૦ મેટ્રિક ટન ડિમોલીશન વેસ્ટ રિસાયકલ થાય છે. આમ C&D વેસ્ટથી પેવર બ્લોક્સ, વિવિધ પ્રકારના કન્સ્ટ્રક્શન વેસ્ટ મટીરિયલ્સમાંથી ઉચ્ચ ગુણવત્તાના ઉત્પાદનો બનાવવામાં આવે છે.

ક્લિન સિટી સુરતમાં ડેમોલિશન વેસ્ટ હવે વેસ્ટ નહીં, પણ વેલ્થ બની રહ્યો છે. સુરત મનપા દ્વારા ક્લિન કન્સ્ટ્રક્શન ગાઈડલાઈન અમલી બનાવી છે. ઈ-ગવર્નન્સના માધ્યમથી નાગરિકો ઘરબેઠાં જ કન્સ્ટ્રક્શન વેસ્ટ ઉપાડવા માટે નોંધણી કરાવી શકે છે. સુરત મનપાએ એક પ્રેરણાદાયી નિર્ણય લેતા પ્લાન્ટમાં નિકળતી રિસાયકલ સામગ્રીને સરકારી ટેન્ડરોમાં પણ ૨૦ ટકા સુધી રિસાયકલ સામગ્રીનો ઉપયોગ ફરજિયાત કર્યો છે. આ નીતિથી રિસાયકલ થયેલી ચીજવસ્તુઓના માર્કેટને વેગ મળશે અને 'સર્ક્યુલર ઈકોનોમી' મજબૂત બનશે. સુરત મનપા દ્વારા અમલી ક્લિન કન્સ્ટ્રક્શન ગાઈડલાઈન શહેરના હવા પ્રદૂષણને ઘટાડવામાં મહત્વપૂર્ણ સાબિત થઈ રહી છે. સ્માર્ટ મોનિટરિંગને કારણે નાગરિકોની ફરિયાદોમાં ઘટાડો થયો છે. બાંધકામ સ્થળોએ પતરા, શેડ્સ, ધૂળ નિયંત્રણ માટે સ્પ્રિંકલર્સ અને ગ્રીન નેટનો ફરજિયાત ઉપયોગ આ બધું મળીને સુરતને વધુ સ્વચ્છ, સુરક્ષિત અને સુવાસિત બનાવે છે.

કોસાડ સ્થિત પ્લાન્ટમાં ઈંટ, કોંક્રીટ, લોખંડના ટુકડાઓને એકત્રિત કરીને સાયન્ટીફીક પ્રોસેસિંગ થકી પુનઃઉપયોગ

કોસાડ સ્થિત પ્લાન્ટ વર્ષ ૨૦૧૮થી કાર્યરત થયો ત્યારથી સુરત મહાનગરપાલિકા દ્વારા કલેક્શન સિસ્ટમ મજબૂત બનાવતા ક્રમશઃ બાંધકામ અને ડિમોલીશનના ઘનકચરાનું કલેક્શન વધ્યું છે, જેમાં વર્ષ ૨૦૧૮-૧૯માં ૬૫૭૪૬ મેટ્રિક ટન વેસ્ટ કલેક્શન થયું હતું. વર્ષ ૨૦૧૯-૨૦માં ૩૭૪૫૭ મેટ્રિક ટન, વર્ષ ૨૦૨૦-૨૧માં ૧૦૬૧૪ મેટ્રિક ટન, વર્ષ ૨૦૨૧-૨૨માં ૨૩૩૧૫ મેટ્રિક ટન, વર્ષ ૨૦૨૨-૨૩ માં ૪૧૪૫૧ મેટ્રિક ટન, ૨૦૨૩-૨૪ માં ૪૯૩૮૧ મેટ્રિક ટન અને ૨૦૨૪-૨૫ માં ૫૮૧૦૬ મેટ્રિક ટન બાંધકામ-ડિમોલીશન વેસ્ટ કલેક્શન કરીને ડમ્પિંગ સાઈટ પર જવાને બદલે રિસાયક્લિંગ કરવામાં આવે છે.

આ પ્લાન્ટમાં ઈંટ, કોંક્રીટ, લોખંડના ટુકડા વગેરે એકત્રિત કરીને સાયન્ટીફીક પ્રોસેસિંગ થકી ફરી ઉપયોગી બનાવવામાં આવે છે. આ પ્રક્રિયામાં Crushed Aggregates, રિસાયકલ કરેલી રેતી, પેવર બ્લૉક અને કોંક્રીટ ઈંટો જેવી ગુણવત્તાવાળી સામગ્રી તૈયાર કરવામાં આવે છે.

### સરકારી ITI માં છેલ્લા ત્રણ વર્ષમાં કુલ ૨ લાખ કરતાં વધુ તાલીમાર્થીઓને અપાઈ તાલીમ

# કારીગર તાલીમ યોજના હેઠળ ગુજરાતમાં કૌશલ્ય વિકાસના પ્રયાસોને મળ્યો વેગ

### અંદાજે ૧ લાખ કરતાં વધુ યુવાઓએ મેળવી રોજગારી, જેમાં૧૫ હજાર કરતાં વધુ યુવતીઓનો સમાવેશ

ઉદ્યોગોને કુશળ માનવબળ ઉપલબ્ધ થાય તેમજ જુદા જુદા ક્ષેત્રે વિકસતી ટેકનોલોજી અંગે યુવાઓને અદ્યતન તાલીમ આપી સ્વરોજગારી મેળવી શકે તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. આ રોજગારલક્ષી અભિયાનને વધુ બળ આપવા રાજ્યમાં કાર્યરત ૨૮૮ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ-ITIમાં છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન કુલ ૦૨ લાખ કરતાં વધુ તાલીમાર્થીઓને વિવિધ ટ્રેડમાં તાલીમ આપવામાં આવી છે. સફળતાપૂર્વક તાલીમ પૂર્ણ કરેલ તાલીમાર્થીઓ પૈકી અંદાજે ૧૫ હજાર કરતાં વધુ યુવતીઓ સહિત ૧ લાખ કરતાં વધુ યુવાઓ નોકરી-રોજગારી તેમજ વિવિધ સ્વરૂપે સ્વરોજગારી મેળવી આત્મનિર્ભર બન્યા છે.

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા અને રાજ્ય મંત્રી શ્રી કાંતિલાલ અમૃતિયાના માર્ગદર્શનમાં વર્ષ ૨૦૨૫-૨૬માં રાજ્યની તમામ સરકારી ITIમાં નેશનલ કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેનીંગ-NCVT પેટર્નના ૭૫ રાષ્ટ્રીય કક્ષાના તેમજ ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ-GCVT/SCVT પેટર્ન હેઠળના ૨૯ રાજ્યકક્ષાના વ્યવસાયલક્ષી અભ્યાસક્રમ કાર્યરત કરવામાં આવ્યા છે. આ અભ્યાસક્રમોમાં ૧.૨ લાખ કરતાં વધુ બેઠકો પર યુવાઓ તાલીમ લઈ રહ્યા છે.

આજના યુગમાં યુવાઓને વિકસતી ટેકનોલોજીને અનુરૂપ તૈયાર કરવા માટે રાજ્ય સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં ઓટોમોબાઈલ, ઈન્ટરનેટ ઓફ થિંગ્સ-IOT, રિન્યુએબલ એનર્જી, સોલાર, મિકેનિકલ, ઈલેક્ટ્રીકલ, આઈ.ટી. જેવા વિવિધ ટ્રેડની બેઠકોમાં વધારો કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ITIના વિદ્યાર્થીઓને ઉચ્ચ કક્ષાનું શિક્ષણ મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓના ૨૯૫ જેટલા સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટરને L & T, CRISP Bhopal, International Automobile Center of Excellence- iACE, Gandhinagar, Indo German Tool Room, Ahmedabad, Tata Indian Institute of Skills (Tata IIS) જેવી નામાંકિત ઈન્ડસ્ટ્રીઝમાં Training of Trainers (ToT) ની તાલીમ આપવામાં આવી છે.

નવીનતમ ઉદ્યોગો માટે સ્કિલ્ડ મેનપાવર સરળતાથી ઉપલબ્ધ થઈ શકે તેમજ ગુણવત્તાયુક્ત તાલીમાર્થીઓને તાલીમ પૂરી પાડવા રાજ્ય સરકાર દ્વારા સ્કિલ ડેવલપમેન્ટ ક્ષેત્રે ઉદ્યોગો સાથે ઈન્વેસ્ટમેન્ટ અને સ્ટ્રેટેજીક MoU કરવામાં આવે છે. જે અંતર્ગત અંદાજીત રૂ. ૧૦ કરોડના ઈન્વેસ્ટમેન્ટ સાથેના આ ર્ફે અંતર્ગત વિવિધ ઉદ્યોગો દ્વારા ITI ખાતે અદ્યતન ટેકનોલોજીયુક્ત મશીનરી સાથેની લેબ વિકસિત કરવામાં આવી છે. જ્યાં તાલીમાર્થીઓને અદ્યતન ટેકનોલોજી સાથે પ્રેક્ટિકલ અને થીયરીની તાલીમ આપવામાં આવે છે. આ ઉપરાંત તાલીમાર્થીઓને પ્લેસમેન્ટની તથા ટ્રેનિંગ ઓફ ટ્રેનર્સ તેમજ આચાર્યને પણ તાલીમ આપવામાં આવે છે.

વધુમાં રાજ્યની રોજગાર અને તાલીમ કચેરી દ્વારા The United Nations Entity for Gender Equality and the empowerment of women સાથે Up skill young women to access decent employment, apprenticeships or higher education opportunities in STEM fields objective અન્વયે MoU કરવામાં આવ્યા છે. આ ઉપરાંત The United Nations Entity for Gender Equality and the empowerment of women îkhk STEM (Science, Technology, Engineering and Mathematics) મોડ્યુલ અંતર્ગત ૭૭ કલાકનો અભ્યાસક્રમ બનાવવામાં આવ્યો છે. જે અભ્યાસક્રમ મુજબ અમદાવાદ, સુરત, ભરૂચ, નવસારી અને વલસાડ જીલ્લાની તમામ ITIની મહિલા તાલીમાર્થીનીઓને તાલીમ આપવામાં આવશે.

ગુજરાતની અગ્રણી અને સૌથી મોટી ITI બીલીમોરાને ભારત સરકાર દ્વારા વેસ્ટર્ન ઝોનની Top Performing ITI તરીકે પુરસ્કૃત કરવામાં આવી છે. કૌશલ્ય આધારિત તાલીમ, રોજગારલક્ષી અભ્યાસક્રમો, એપ્રેન્ટિસશીપ અને ઉદ્યોગો સાથેના મજબૂત જોડાણના કારણે આ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. અત્રે નોંધનીય છે કે, ગુજરાત સહિત સમગ્ર દેશમાં ઔદ્યોગિકરણનો વ્યાપ ઝડપથી વધી રહ્યો છે. રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય કંપનીઓ દ્વારા દેશમાં નવા ઉદ્યોગો સ્થાપવામાં આવી રહ્યા છે. ઉદ્યોગોની જરૂરિયાત મુજબ માનવબળ મળી રહે તે માટે રાજ્ય સરકારે આ અંગે ધ્યાન કેન્દ્રિત કરીને અનેકવિધ નવી યોજનાઓ શરૂ કરી છે, જેના પરિણામે વ્યવસાયલક્ષી શિક્ષણ અને કૌશલ્ય પ્રાપ્ત કરનાર યુવાનો માટે રોજગારીની તકો વધુ ઉજળી બની રહી છે. જેથી વિવિધ ઉદ્યોગોને કુશળ માનવબળ પૂરું પાડી અને વિકસતી ટેકનોલોજી અનુરૂપ તાલીમ આપી યુવાનોને રોજગારી મેળવવામાં સહાય કરવાના ઉદ્દેશ સાથે કારીગર તાલીમ યોજના (CTS) અમલીકૃત કરવામાં આવી છે.

- જીગર બારોટ

## ગુજરાતના ટેબ્લોએ સતત ચોથા વર્ષે "પોપ્યુલર ચોઈસ એવોર્ડ" શ્રેણીમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરીને ઈતિહાસ સર્જ્યો

૭૭મા પ્રજાસત્તાક પર્વ નિમિત્તે નવી દિલ્હીના કર્તવ્યપથ પર યોજાતી રાષ્ટ્રીય પરેડમાં ગુજરાતના 'સ્વતંત્રતા કા મંત્રઃ વંદેમાતરમ' થીમ આધારિત ટેબ્લોએ ભારે ઉત્સુકતા અને આકર્ષણ જમાવ્યું હતું. ગુજરાતના આ ટેબ્લોએ પ્રજાસત્તાક દિન પરેડમાં "પોપ્યુલર ચોઈસ એવોર્ડ" શ્રેણીમાં સતત ચોથા વર્ષે પ્રથમ સ્થાન મેળવ્યું છે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે માહિતી કમિશ્નરની કચેરી દ્વારા તૈયાર કરવામાં આવતા ગુજરાતના ટેબ્લોએ સતત ચોથા વર્ષે "પોપ્યુલર ચોઈસ એવોર્ડ" શ્રેણીમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરીને ઈતિહાસ સર્જ્યો છે; તેની ગૌરવપૂર્ણ સિધ્ધિ અંગે જણાવ્યું હતું કે, રાષ્ટ્રભક્તિની સાથે રાજ્યના સ્વાતંત્ર્યવીરોના યોગદાનને ઉજાગર કરતા ગુજરાતના ટેબ્લોને લોકોએ ખૂબ પસંદ કર્યો હતો. કેન્દ્ર સરકારના સંરક્ષણ મંત્રાલય દ્વારા MYGov પોર્ટલ પર તા.૨૬ જાન્યુઆરીથી શરૂ કરી તા.૨૭ જાન્યુઆરીના રાત્રે ૧૧.૪૫ કલાક સુધી યોજાયેલા મતદાનમાં ગુજરાતના ટેબ્લોએ પ્રથમ કલાકથી બીજા દિવસના અંત સુધી સતત અગ્રેસર રહીને કુલ વોટના ૪૩% વોટ સાથે પીપલ્સ ચોઈસ કેટેગરીમાં પ્રથમ ક્રમાંક સાથે વિજેતા થયો હતો. દ્વિતિય ક્રમે રહેલા ઉત્તર પ્રદેશને ૯% મત મળવા પામ્યા હતા, જ્યારે બાકીના ૧૫ રાજ્યોએ અનુક્રમે મત મેળવ્યા હતા. આ વર્ષે કર્તવ્ય પથ પર યોજાયેલી રાષ્ટ્રીય પરેડમાં ગુજરાત રાજ્યના માહિતી વિભાગે પ્રસ્તુત કરેલા ટેબ્લોમાં વંદે માતરમ્ અને સ્વદેશી ચળવળના સમન્વયથી ઉદ્ભવેલી આઝાદી માટેની ક્રાંતિથી લઈ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા આત્મનિર્ભરતા માટે સ્વદેશીના મંત્રની યાત્રાને તાદશ રીતે રજૂ કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતના ટેબ્લોએ પોપ્યુલર ચોઈસ કેટેગરી એવોર્ડમાં અગ્રેસર રહેવાની પરંપરા ૨૦૨૩ના ૭૪મા પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડથી શરૂ કરી છે. આ પરેડમાં રાજ્ય સરકારે "ક્લિન ગ્રીન એનર્જીયુક્ત ગુજરાત"ના ટેબ્લોમાં વડાપ્રધાન પુનઃ પ્રાપ્ય ઊર્જાના મહત્તમ ઉપયોગના આહવાનને સાકાર કરવામાં ગુજરાતની પહેલની ઝાંખી પ્રસ્તુત કરી હતી. વર્ષ-૨૦૨૪ના ૭૫મા પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડમાં ગુજરાતે રજૂ કરેલા ટેબ્લો "ધોરડો, વર્લ્ડ બેસ્ટ ટુરીઝમ વિલેજ-UNWTO"ની પ્રસ્તુતિને પણ 'પોપ્યુલર ચોઈસ' કેટેગરીમાં પ્રથમ ક્રમ મળ્યો હતો. એટલું જ નહીં, ટેબ્લોઝની શ્રેષ્ઠતા માટેની પસંદગી સમિતિની- જ્યુરીની ચોઈસમાં પણ ગુજરાતના આ ટેબ્લોએ ૨૦૨૪માં બીજો ક્રમ મેળવ્યો હતો. જ્યારે વર્ષ ૨૦૨૫માં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનમાં ગુજરાતે આધુનિક વિકાસની જે હરણફાળ ભરી છે તે વિકાસ ગાથા પ્રાચીન વિરાસતની ઝાંખી દર્શાવતો 'આનર્તપુરથી એકતાનગર સુધી - વિરાસતથી વિકાસનો અદભૂત સંગમ' ટેબ્લો "પોપ્યુલર ચોઈસ એવોર્ડ" મેળવ્યા બાદ એવોર્ડ વિનિંગની આ પરંપરાને સાતત્યપૂર્ણ રીતે આગળ ધપાવતાં વર્ષ ૨૦૨૬ના 'સ્વતંત્રતા કા મંત્રઃ વંદેમાતરમ' થીમ આધારિત ટેબ્લોને પણ આ એવોર્ડ પ્રાપ્ત થતાં ગુજરાતની યશકલગીમાં વધુ એક છોગું ઉમેરાયું છે. આગામી તા.૩૦ જાન્યુઆરીના રોજ નવી દિલ્હીના રાષ્ટ્રીય રંગશાળા શિબિર ખાતે પ્રજાસત્તાક પર્વના સમાપન સમારોહમાં કેન્દ્રના રાજ્યકક્ષાના સંરક્ષણ મંત્રીશ્રીની ઉપસ્થિતિમાં ગુજરાતને આ ગૌરવપૂર્ણ પુરસ્કાર એનાયત કરવામાં આવશે.


**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ**

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - ગુરૂવાર, ૨૯/૦૧/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | મગફળી | ૫૩૦ | ૧,૨૫૦.૦૦ | ૨,૦૨૬.૦૦ |
| ૨ | એરંડા | ૦ | ૧,૨૫૫.૦૦ | ૧,૨૬૫.૦૦ |
| ૩ | ઘઉં | ૨૪૫ | ૫૧૦.૦૦ | ૫૪૫.૦૦ |
| ૪ | બાજરી | ૦ | ૪૬૦.૦૦ | ૪૮૦.૦૦ |
| ૫ | મકાઇ | ૦ | ૩૮૦.૦૦ | ૪૨૦.૦૦ |
| ૬ | વરીયાળી | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૪૦૦.૦૦ |
| ૭ | જીરૂ | ૦ | ૨,૦૦૦.૦૦ | ૩,૦૦૦.૦૦ |
| ૮ | કપાસ | ૩૧૬ | ૧,૪૮૦.૦૦ | ૧,૬૧૩.૦૦ |

મુનિમજી સોફટવેર


# મનરેગા કૌભાંડ પ્રકરણમાં કોંગ્રેસ નેતા હીરા જોટવા સહિત ૧૦ આરોપીઓની જામીન અરજી હાઈકોર્ટે ફગાવી: ૧૬ ફેબ્રુઆરી સુધીમાં સરન્ડર કરવા આદેશ

પ્રતિનિધિ,ગાંધીનગર




ભરૂચ જિલ્લામાં આચરવામાં આવેલા કરોડો રૂપીયાના ચકચારી મનરેગા કૌભાંડમાં ગુજરાત હાઈકોર્ટે કડક વલણ અપનાવ્યુ છે. જસ્ટીસ પી એમ રાવલે આ કેસમાં સંડોવાયેલા સ્થાનિક કોંગ્રેસ નેતા હીરા અરજણ જોટવા અને તેમના પુત્ર દિગ્વિજય જોટવા અને સરકારી કર્મચારીઓ સહિત કુલ ૧૦ આરોપીઓની જામીન મેળવવાની આશા પર પાણી ફેરવી દીધુ છે. હાઈકોર્ટે સેશન્સ કોર્ટના જામીન રદ કરવાના નિર્ણયને માન્ય રાખતા તમામ આરોપીઓને આગામી ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધીમાં આત્મસમ્પર્ણ કરી દેવા સ્પષ્ટ આદેશ કર્યો છે. આ સમગ્ર કૌભાંડની વિગતો મુજબ ભરૂચના જંબુસર, આમોદ અને હાંસોટ તાલુકાના અંદાજે ૫૬ ગામડાઓમાં મનરેગા યોજના હેઠળ વિકાસ કામોના નામે અંદાજે રૂપીયા ૭.૫૦ કરોડની સરકારી ગ્રાન્ટની ઉચાપત કરવામાં આવી હતી. આરોપીઓએ પરસ્પર મેળાપીપણુ રચીને બોગસ ડમી ફર્મો ઉભી કરી હતી અને તેના નામે ટેન્ડરો મેળવ્યા હતા. ત્યારબાદ મટીરીયલ્સ સપ્લાયમાં પણ મોટા પાયે ગેરરીતી આચરી ઓછો માલ પુરો પાડીને સરકારી ચોપડે વધુ જથ્થો દર્શાવી નાણાં હડપ કર્યા હોવાનુ તપાસમાં બહાર આવ્યુ છે. રાજય સરકાર વતી કોર્ટમાં એવી ધારદાર દલીલો કરવામાં આવી હતી કે આ કૌભાંડ માત્ર મટીરીયલ પુરતુ મર્યાદીત નથી પરંતુ ગરીબ મજુરોના હકકો પર પણ તરાપ મારવામાં આવી છે. યોજનાના નિયમ મુજબ સ્થાનિક મજુરોને રોજગારી આપવાને બદલે હીરા જોટવા અને તેના પુત્રએ પોતાના મળતીયાઓના નામે બેંક ખાતા ખોલાવ્યા હતા. આ ખાતાઓની બેંક કીટ, પાસબુક અને એટીએમ કાર્ડ પોતાની પાસે રાખીને મજુરોના નામે જમા થયેલી રકમ પણ આરોપીઓ ઉપાડી લેતા હતા.

સરકાર પક્ષે વધુમાં જણાવ્યુ હતુ કે અત્યાર સુધીમાં ૪૩૦ કામોની તપાસમાં કરોડોની ઉચાપત બહાર આવી છે. જયારે હજુ પણ ૩૩૨ કામોની તપાસ ચાલી રહી છે. જેમાં વધુ ગંભીર બાબતો બહાર આવવાની પુરેપુરી શકયતા છે. આરોપીઓ વગદાર હોવાથી જો તેઓ જેલની બહાર રહે તો પુરાવા સાથે ચેડા થવાની અને સાક્ષીઓને ડરાવવાની દહેશત હોવાની દલીલને હાઈકોર્ટે ગ્રાહ્ય રાખી હતી. અગાઉ નીચલી કોર્ટે આપેલા જામીન સેશન્સ કોર્ટે રદ કર્યા હતા. જેની સામે આરોપીઓએ હાઈકોર્ટના દરવાજા ખટખટાવ્યા હતા. પરંતુ અંતે હાઈકોર્ટે પણ તેમની રીવીઝન અરજીઓ ફગાવી દઈ જેલ ભેગા થવાનો માર્ગ મોકળો કર્યો છે.


ગરવી ગુજરાત



ગરવી ગુજરાત


- એક શુભેચ્છક



RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાના વાયદામાં રૂ.૯૦૮૫, ચાંદીના વાયદામાં રૂ.૧૯૬૩૪ અને ક્રૂડ તેલના વાયદામાં રૂ.૧૬૨નો તીવ્ર ઉછાળો

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૪૮૫૯૧.૭૭ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૨૪૬૯૫૨.૯૫ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૨૭૮૧૯.૩૫ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૫૦૫૦૧ પોઈન્ટના સ્તરે




મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૩૯૫૫૬૮.૦૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૪૮૫૯૧.૭૭ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૨૪૬૯૫૨.૯૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૫૦૫૦૧ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૫૪૨૯.૧૫ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૨૭૮૧૯.૩૫ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૯૮૮૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૮૦૭૭૯ના ઓલ ટાઈમ હાઈ અને નીચામાં રૂ.૧૬૯૮૮૨ના મથાળે અથડાઈ, રૂ.૧૬૫૯૧૫ના આગલા બંધ સામે રૂ.૯૦૮૫ના ઉછાળા સાથે રૂ.૧૭૫૦૦૦ થયો હતો. ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૫૨૧૯૪ના ઊંચા સ્તરને સ્પર્શી, રૂ.૧૦૭૭૪ ઊછળી રૂ.૧૫૦૭૫૦ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૯૧૩૪ના ઉચ્ચત્તમ સ્તરને સ્પર્શી, રૂ.૧૩૨૬ વધી રૂ.૧૮૮૮૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૮૨૧૩૦ના ઊંચા સ્તરને સ્પર્શી, રૂ.૯૧૧૦ વધી રૂ.૧૭૬૨૦૨ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૭૫૫૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૯૦૦૧૮ના ઓલ ટાઈમ હાઈ અને નીચામાં રૂ.૧૭૫૫૦૦ના મથાળે અથડાઈ, રૂ.૧૭૪૩૨૯ના આગલા બંધ સામે રૂ.૧૩૮૭૨ વધી રૂ.૧૮૮૨૦૧ના ભાવે બોલાયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૩૯૯૦૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૦૯૮૦૦ના ઉચ્ચત્તમ સ્તર અને નીચામાં રૂ.૩૯૫૦૦૧ના મથાળે અથડાઈ, રૂ.૩૮૫૩૬૬ના આગલા બંધ સામે રૂ.૧૯૬૩૪ના ઉછાળા સાથે રૂ.૪૦૫૦૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૪૨૦૯૩૪ના ઓલ ટાઈમ હાઈને સ્પર્શી, રૂ.૨૩૯૬૧ ઊછળી રૂ.૪૧૫૬૯૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૪૨૧૦૦૦ના ઊંચા સ્તરને સ્પર્શી, રૂ.૨૩૯૦૧ના ઉછાળા સાથે રૂ.૪૧૫૭૦૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. ૧૫૬૯૨.૨૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ફેબ્રુઆરી વાયદો રૂ.૯૮.૧ વધી રૂ.૧૪૧૯.૮ થયો હતો. જસત ફેબ્રુઆરી વાયદો રૂ.૧૨.૫ વધી રૂ.૩૪૬.૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ફેબ્રુઆરી વાયદો રૂ.૧૫.૪ વધી રૂ.૩૪૬.૮૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સીસું ફેબ્રુઆરી વાયદો રૂ.૪.૩ વધી રૂ.૨૦૦.૯ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૪૫૧૮.૬૮ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ફેબ્રુઆરી વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૯૩૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૯૯૯ અને નીચામાં રૂ.૩૯૦૨ના મથાળે અથડાઈ, રૂ.૩૬ ઘટી રૂ.૩૯૩૪ થયો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી વાયદો બેરલદીઠ રૂ.૫૮૯૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૬૦૦૫ અને નીચામાં રૂ.૫૮૮૭ના સ્તરને સ્પર્શી, રૂ.૫૮૦૨ના આગલા બંધ સામે રૂ.૧૬૨ વધી રૂ.૫૯૬૪ થયો હતો. ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૧૬૩ વધી રૂ.૫૯૬૫ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ ફેબ્રુઆરી વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧૦ વધી રૂ.૩૫૨.૮ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૧૦ વધી રૂ.૩૫૩ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૧૦૦૮.૫ના ભાવે ખૂલી, રૂ.૪.૯ ઘટી રૂ.૯૮૭.૨ થયો હતો. એલચી ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૨૬૨૫ના ભાવે ખૂલી, રૂ.૩ ઘટી રૂ.૨૬૪૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૯૦૯૬૪.૫૪ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૩૬૮૫૪.૮૧ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૧૩૩૧૮.૯૮ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૦૯૨.૪૨ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૧૬૦.૭૦ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૧૦૯૨.૮૯ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૮.૮૯ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૧૮૬.૪૩ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૩૩૨૩.૩૬ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૬.૯૪ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૫૫ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૮૭૪૯ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૧૧૧૪૫૨ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૩૪૧૫૪ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૫૧૧૫૦૫ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૬૩૮૮૦ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૪૦૬૯ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૩૫૨૮૩ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૯૯૨૨૫ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૨૭૮ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૩૨૭૮ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૧૮૮૦૪ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૪૯૦૨૪ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૫૧૮૮૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૪૯૦૨૪ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૨૯૦૪ પોઈન્ટ વધી ૫૦૫૦૧ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૯૩.૮ વધી રૂ.૩૦૫.૯ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૭.૪ વધી રૂ.૪૦.૯૫ના ભાવે બોલાયો હતો.

સોનું ફેબ્રુઆરી રૂ.૧૭૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૫૯૭ વધી રૂ.૨૦૯૩૧.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૩૬૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૨૫૪૧ વધી રૂ.૬૩૪૯૧ થયો હતો. તાંબું ફેબ્રુઆરી રૂ.૧૩૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૬૮.૨૯ વધી રૂ.૯૧.૫૧ના ભાવે બોલાયો હતો. જસત માર્ચ રૂ.૩૪૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪.૧૩ વધી રૂ.૬.૪૯ના ભાવે બોલાયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી રૂ.૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૯૬.૩૫ વધી રૂ.૩૧૨.૮ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૭.૫ વધી રૂ.૪૧.૪૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની જાન્યુઆરી રૂ.૧૭૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૫૩૫૦ વધી રૂ.૫૩૭૮ થયો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૪૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૦૦૩૬.૫ વધી રૂ.૫૨૧૦૦ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૫૯૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૭૬.૨ ઘટી રૂ.૨૬૮.૮ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૩.૫૫ ઘટી રૂ.૩૬.૯૫ થયો હતો.

સોનું ફેબ્રુઆરી રૂ.૧૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૯૮.૫ ઘટી રૂ.૩૨૧૩.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૮૦૦.૫ ઘટી રૂ.૬૪૫૦ના ભાવે બોલાયો હતો. તાંબું ફેબ્રુઆરી રૂ.૧૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૨.૨૯ ઘટી રૂ.૨૧.૨૪ના ભાવે બોલાયો હતો. જસત માર્ચ રૂ.૨૮૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૧૪ પૈસા વધી રૂ.૦.૪૯ થયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી રૂ.૩૯૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧ ઘટી રૂ.૯.૬૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૩.૩ ઘટી રૂ.૩૭.૩ થયો હતો. સોનું-મિની જાન્યુઆરી રૂ.૧૭૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૧૯૭.૫ ઘટી રૂ.૭૩૮ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૩૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૬૫૧૧ ઘટી રૂ.૨૦૮૭૩ થયો હતો.

# પાટણ જિલ્લાની હારીજ નગરપાલિકામાં ભાજપ વિરૂધ્ધ ભાજપનુ જંગ છેડાયું : સત્તાની ખેંચતાણમાં બળવાખોરોએ પાર્ટીની છબી બગાડી

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

પાટણ જિલ્લાની હારીજ નગર પાલિકામાં ભારતીય જનતા પાર્ટીનો આંતરીક વિખવાદ હવે ચરમસીમાએ પહોચ્યો છે. પાલિકાના પ્રમુખે પોતાના જ પક્ષના બળવાખોર સભ્યો સામે ગંભીર આક્ષેપો કરતા જણાવ્યુ હતુ કે જેમને પક્ષનુ મેન્ડેટ નથી મળ્યુ તેવા સભ્યો સત્તા મેળવવાની લાલચમાં ભાજપને બદનામ કરી રહ્યા છે. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે પ્રમુખ અને ઉપપ્રમુખને જાનથી મારી નાખવાની ધમકી મળી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આ ધમકીને પગલે સુરક્ષાના કારણોસર પ્રમુખ અને ઉપપ્રમુખ નગરપાલિકાની કાર્યવાહીમાં ગેરહાજર રહ્યા હતા. જેનાથી સ્થાનિક રાજકરણમાં મોટો વળાંક આવ્યો છે. પ્રમુખે વધુમાં સ્પષ્ટતા કરી હતી કે વિરોધીઓ દ્વારા બીલની ચુકવણી ન કરવા અંગેના જે આક્ષેપો કરવામાં આવ્યા છે તે તદ્દન પાયાવિહોણા અને ખોટા છે. માત્ર પદ છીનવવાના બદઈરાદાથી જ આ પ્રકારના કાવતરા ઘડવામાં આવી રહ્યા છે. હારીજ નગરપાલિકામાં ભાજપના સભ્યો વચ્ચેનો આ ગજગ્રાહ હવે શમવાનુ નામ નથી લઈ રહ્યો, ત્યારે પાલિકા પ્રમુખે આ સમગ્ર મામલે પ્રદેશ પ્રમુખ વિશ્વકર્મા સુધી રજુઆત કરવાની ચીમકી ઉચારી છે. શિસ્તબધ્ધ ગણાતી પાર્ટીમાં આ પ્રકારનો આંતરીક કલેશ આગામી સમયમાં મોટા ફેરબદલના સંકેતો આપી રહ્યો છે.



# હિમ્મતનગર–ખેડબ્રહ્મા નવનિર્મિત બ્રોડગેજ રેલખંડનું ૨૫ કેએવી એ.સી. વિદ્યુતીકરણ પૂર્ણ, વિદ્યુત ટ્રેન સંચાલનને મંજૂરી મળી



પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળની હિમ્મતનગર અને ખેડબ્રહ્માને જોડતી ઐતિહાસિક મીટર ગેજ રેલવે લાઈન, જે એક સદી કરતાં વધુ સમયથી સાબરકાંઠા વિસ્તારની જીવનરેખા રહી હતી, હવે આધુનિક બ્રોડ ગેજ સ્વરૂપમાં ફરીથી ખુલવા જઈ રહી છે. હિમ્મતનગરથી ખેડબ્રહ્મા વચ્ચે ૫૫.૬૭૨ કિમી નવનિર્મિત બ્રોડ ગેજ રેલખંડનું ૨૫ કેવી, ૫૦ હર્ટ્ઝ, એ.સી. ઈલેક્ટ્રિક ટ્રેક્શન પ્રણાલી સાથે ઈલેક્ટ્રિફિકેશન કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ થઈ ગયું છે.

હિમ્મતનગર–ખેડબ્રહ્મા મીટર ગેજ સેક્શન પર ૦૧ જાન્યુઆરી ૨૦૧૭થી રેલ યાતાયાત બંધ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ હિમ્મતનગર–ખેડબ્રહ્મા ગેજ પરિવર્તન પ્રોજેક્ટ, જે ગુજરાતના સાબરકાંઠા જિલ્લામાં ૫૫ કિમીથી વધુની દૂરીને આવરી લે છે, આ પ્રોજેક્ટને ૨ જૂન ૨૦૨૨ના રોજ રૂા.૪૮૨ કરોડની કિંમતે મંજૂરી મળી હતી.

માનનીય પ્રધાનમંત્રી જી દ્વારા ૧૮ જૂન ૨૦૨૨ના રોજ આ ગેજ પરિવર્તનનું શિલાન્યાસ કરવામાં આવ્યું હતું, જેને લગભગ ૩ વર્ષના રેકોર્ડ સમયમાં પૂર્ણ કરીને એક નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે.

પશ્ચિમ રેલવેના મુખ્ય મુખ્ય ઈલેક્ટ્રિક એન્જિનિયર (PCEE) શ્રી રજનીશ કુમાર ગોયલ, IRSEE દ્વારા ૨૮ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ આ સેકશન ને યાત્રી અને માલગાડી સેવાઓ માટે વિદ્યુત એન્જિનોના સંચાલન હેતુ અધિકૃત કરી દેવામાં આવ્યો છે.

આ ખંડ પર ઓવરહેડ ઈક્વિપમેન્ટ (OHE), ટ્રેક્શન સબ-સ્ટેશન, સેક્શનિંગ અને પેરેલલિંગ પોસ્ટ, બોન્ડિંગ અને અર્થિંગ વ્યવસ્થા તથા સિગ્નલિંગ અને દૂરસંચાર પ્રણાલીઓ સાથે આ સમન્વય જેવા બધા તકનીકી કાર્યો પૂર્ણ કરવામાં આવ્યા છે.

આ સેક્શન પર ૦૮ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ ઈલેક્ટ્રિક લોકોનો સફળ ટ્રાયલ કરવામાં આવ્યો હતો. PCEE તથા અમદાવાદ મંડળ અને નિર્માણ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ દ્વારા વિગતવાર તપાસ પછી રેલવે (Opening for Public Carriage of Passengers) નિયમોના પ્રાવધાનો હેઠળ આ ખંડને વિદ્યુત સંચાલન હેતુ મંજૂરી આપવામાં આવી છે.

આ ખંડ પર વિદ્યુત એન્જિનનો સફળ પરીક્ષણ પણ કરવામાં આવ્યું, જેમાં OHE, વિદ્યુત આપુર્તિ વ્યવસ્થા, ટર્નઆઉટ, ક્રોસઓવર તથા અન્ય સુરક્ષા અને સંરક્ષણ પ્રણાલીઓની કાર્યક્ષમતા ઠીક મળી છે.

આ વિદ્યુતીકરણથી ઈંધણની બચત, પર્યાવરણ સંરક્ષણ, માલ ઢુલાઈ ક્ષમતામાં વધારો, યાત્રી ગાડીઓની વધુ સારી ગતિ અને ત્વરણ તથા સંચાલન ખર્ચમાં ઘટાડો જેવા મહત્વપૂર્ણ લાભ મળશે, જેનાથી વિસ્તારમાં સુરક્ષિત, કુશળ અને હરિત રેલ પરિવહનને પ્રોત્સાહન મળશે. આ પ્રોજેક્ટથી વિસ્તારમાં રેલ સંચાલન વધુ આધુનિક, પર્યાવરણ અનુકૂળ અને ઊર્જા કુશળ બનશે, જેનાથી યાત્રીઓને વધુ સારી સેવા અને માલ પરિવહનને ગતિ મળશે.

# નવનીત બાલધીયા વિવાદમાં માયાભાઈ આહીર અને હીરા સોલંકી આવ્યા સામ સામે



પ્રતિનિધિ,ગાંધીનગર

નવનીત બાલધીયા વિવાદમાં એસઆઈટીની કાર્યવાહી પછી પણ વિવાદ શાંત થવાનુ નામ લેતો નથી. આ વિવાદમા પહેલી જ વખત માયાભાઈ આહીર અને હીરા સોલંકી સામ સામે આવી ગયા છે. જે અત્યાર સુધી આવ્યા ન હતા, માયાભાઈ આહીરે વર્તમાન વિવાદના સંદર્ભમાં વર્તમાન ઘટનાક્રમમાં શોલે ફીલ્મના સંવાદને ટાંકીને આડકતરી રીતે જણાવ્યુ હતુ કે જે થયુ હતુ તે બરાબર છે અને જે થઈ રહ્યુ છે તે પણ બરોબર છે.

આમ નવનીત બાલધીયાના હુમલાના સંદર્ભમાં પહેલી જ વખત માયાભાઈ આહીરનુ આ પ્રકારનુ નિવેદન આગવી અદામાં આવ્યુ હતું. જો કે રાજુલાના ધારાસભ્ય હીરા સોલંકીએ આ જ વાત પર વળતો પ્રહાર પણ કર્યો હતો.

તેમણે કટાક્ષમાં જણાવ્યુ હતુ કે જો જે થયુ હતુ તે બરોબર છે તો પછી હવે જે પણ થઈ રહ્યુ છે તે પણ બરાબર છે. તેમણે આક્રમક સ્વરે જણાવ્યુ હતુ કે એક વ્યકિતની જાણ બહાર તેના પર ૮-૮ જણા હુમલો કરે તે કયાંની મર્દાનગી છે. જયરાજ આહીરને જેલમાં લઈ જઈને કાયદાએ કાયદાનુ પાલન કર્યુ છે. પરંતુ તેના ચહેરા પર પસ્તાવાના કોઈ ચિન્હો દેખાતા નથી. તેણે તેના કાર્ય બદલ માફી પણ માંગી નથી. આ તો ધરાર દાદાગીરી કહી શકાય, તે શું જેલવાસ કરીને બહાર હીરો તરીકે આવવા માંગે છે, શું તે પોતાના જેલવાસને પિતાને કરવામાં આવેલા તર્પણ તરીકે જુએ છે. હીરા સોલંકીએ આક્રમક અંદાજમાં જણાવ્યુ હતુ કે આજે જો અમારો કોળી સમાજ મેદાનમાં ઉતર્યો ન હોત તો નવનીત બાલધીયા તો કુટાઈ જ ગયો હોત, તમે વિચાર કરો કે એક વ્યકિતની આ રીતે ૭ થી ૮ જણાએ મારઝુડ કરી તેની પાછળ સુત્રધાર કોણ છે તે ખબર હોવા છતા સ્થાનિક પોલીસ ઢાંક પીછોડો કરીને તેની સામે કોઈ કાર્યવાહી ન કરે, એક સામાન્ય વ્યકિતને ન્યાય અપાવવા માટે આખા સમાજ તેમજ ૧૫-૧૫ ધારાસભ્ય અને ૩-૩ સાંસદોએ મેદાનમાં ઉતરવુ પડયુ,

ગૃહમંત્રીથી લઈને સીએમ સુધી દોડવુ પડયુ ત્યારે આ મામલે સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી) ની રચના થઈ. તેના પછી જયરાજ આહીર સામે કાર્યવાહી થઈ અને તેની પુછપરછ કરવામાં આવી અને તેને જેલ ભેગો કરવામાં આવ્યો.

કોઈને કદાચ એમ લાગે કે કોળી સમાજ કે કોળી સમાજના ધારાસભ્યો તરીકે અમે વધુ પડતો ઉહાપોહ કરી રહ્યા છે. વાતનુ વતેસર કરી રહ્યા છે, કોઈને બિનજરૂરી બદનામ કરી રહ્યા છે, રાજકીય રોટલા શેકી રહ્યા છે, રાજકીય કાવાદાવા કરી રહ્યા છે, કોઈને રાજકીય રીતે ચુપ કરવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ પણ તેઓએ તેની સાથે એમ પણ વિચારવુ જોઈએ કે અમારે આવુ કરવાની જરૂર કેમ પડી, જો સ્થાનિક પોલીસે યોગ્ય તપાસ કરીને જયરાજ આહીર સામે કાર્યવાહી કરી હોત તો પછી અમે તો ચિત્રમાં પણ આવ્યા ન હોત, નવનીત બાલધીયાને માર મારવામાં આવે છે તેનો વિડીયો ઉતારાય છે તો પોલીસને તો એટલી સમજ હોવી જોઈએ કે કોઈને વિડીયો બતાવાઈ રહ્યો છે. હવે આ વિડીયો જેને બતાવાયો હોય તેની સામે પોલીસે કાયદાકીય કાર્યવાહી કરવાની હતી. વાત અહીં પુરી થઈ ગઈ હોત, જેમ આજે સીટ નીમાયા પછી કાયદાએ કાયદાનુ કામ કર્યુ હોત તો તે સમયે પણ યોગ્ય કાર્યવાહી થઈ હોત તો આટલો બધો ઉહાપોહ જ થયો ન હોત. જો આજે આ રીતે કોઈને મારવામાં આવે અને વિડીયો ઉતારીને મોકલવામાં આવે તો તેને રોકવામાં ન આવે તો આ જ પ્રકારની માનસિકતાવાળી વ્યકિત કાલે ઉઠીને કોઈની હત્યા કરીને આ પ્રકારનો વિડીયો મોકલાવે ત્યારે શું કરશો ?શું અમારે છેક સ્થિતિ ત્યાં સુધી જાય તેની રાહ જોવાની ? ત્યાં સુધી હાથ પર હાથ મુકી બેસી રહેવાનુ ? અમે કોઈ સમાજનો વિરોધ કરતા નથી. બસ અમારા સમાજની વ્યકિત પર હુમલો થયો અને પોલીસે યોગ્ય કાર્યવાહી ન કરી, તેથી તેની સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેની માંગ કરી છે. અમને આનાથી વિશેષ કશુ જોઈતુ પણ નથી. તંત્રએ હવે આ મુજબ કાર્યવાહી કરી જ છે.

# પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ મંડળની ત્રણ ટ્રેનોના સમયમાં પરિવર્તન

પશ્ચિમ રેલવે દ્વારા ટ્રેનોની ગતિમાં વધારો કરવા તથા સમયપાલનને વધુ સુધારવાના ઉદ્દેશ્યથી અમદાવાદ મંડળ ની ત્રણ ટ્રેનોના સમયમાં (સાબરમતીથી મહેસાણા વચ્ચે) આંશિક પરિવર્તન કરવામાં આવ્યો છે. આ પરિવર્તન ૦૧ ફેબ્રુઆરી, ૨૦૨૬થી અમલમાં આવશે. જે નીચે મુજબ છેઃ

ટ્રેન સંખ્યા ૧૨૪૬૨ સાબરમતી–જોધપુર વંદે ભારત એક્સપ્રેસ સાબરમતીથી ૧૬:૪૫ વાગ્યાના બદલે ૧૬:૫૫ વાગ્યે પ્રસ્થાન કરશે તથા મહેસાણા સ્ટેશન પર આગમન/પ્રસ્થાનનો સમય ૧૭:૨૮/૧૭:૩૦ વાગ્યાના બદલે ૧૭:૩૮/૧૭:૪૦ વાગ્યે રહેશે.

૨. ટ્રેન સંખ્યા ૧૨૫૪૮ સાબરમતી–આગ્રા કૅન્ટ એક્સપ્રેસ (સપ્તાહમાં ૪ દિવસ)/ટ્રેન સંખ્યા ૨૨૫૪૮ સાબરમતી–ગ્વાલિયર એક્સપ્રેસ (સપ્તાહમાં ૪ દિવસ) સાબરમતીથી ૧૬:૫૫ વાગ્યાના બદલે ૧૭:૦૦ વાગ્યે પ્રસ્થાન કરશે તથા મહેસાણા સ્ટેશન પર આગમન/પ્રસ્થાનનો સમય ૧૭:૪૦/૧૭:૪૨ વાગ્યાના બદલે ૧૭:૪૭/૧૭:૪૯ વાગ્યે રહેશે.

ટ્રેન સંખ્યા ૭૯૪૩૧ સાબરમતી–મહેસાણા ડેમુ સાબરમતીથી ૧૭:૦૫ વાગ્યાના બદલે ૧૭:૧૦ વાગ્યે પ્રસ્થાન કરશે તથા ચાંદખેડા ૧૭:૧૬/૧૭:૧૭ વાગ્યે, ખોડિયાર ૧૭:૨૨/૧૭:૨૩ વાગ્યે, કલોલ ૧૭:૩૨/૧૭:૩૩ વાગ્યે, ઝુલાસણ ૧૭:૪૨/૧૭:૪૩ વાગ્યે, ડાંગરવા ૧૭:૫૦/૧૭:૫૧ વાગ્યે, આંબલિયાસણ ૧૭:૫૭/૧૭:૫૮ વાગ્યે, જગુદણ ૧૮:૦૬/૧૮:૦૭ વાગ્યે અને મહેસાણા ૧૮:૨૮ વાગ્યે પહોંચશે.

યાત્રીઓને વિનંતી છે કે ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને યાત્રા કરે. ટ્રેનોના સ્ટોપેજ, સમય તથા સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે યાત્રીઓ કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# ઘી કાંટામાં નવતાડની પોળમાં મકાન ધરાશાયી થતાં ૩ લોકો દટાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના ઘી કાંટા વિસ્તારથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં જાણીતી નવતાડની પોળમાં એક જૂનું મકાન ધરાશાયી થયાના અહેવાલ સામે આવ્યા છે. આ મકાન પડતાં ૩ લોકો દટાઈ ગયા હતા. જેમાંથી એક વૃદ્ધ મહિલાનું મોત નીપજ્યાની પુષ્ટી થઈ છે. ઘટનાની જાણ થતાં જ પોલીસ અને ફાયરબ્રિગેડની ઘટનાસ્થળે દોડી આવી હતી અને તાત્કાલિક રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધર્યું હતું.

ધારાસભ્ય કૌશિક જૈને જણાવ્યું હતું કે અહીં પોળમાં આવેલા મકાનો લગભગ ૧૦૦ વર્ષ જુના છે.

જર્જરિત મકાન પાસે જ ડ્રેનેજનું કામ ચાલતું હતું અને તે સમયે જ મકાન પડ્યું હતું. જેમાં એક વૃદ્ધ મહિલા અને શ્રમિક સહિત ૩ લોકો દટાયા હતા. જેમાં મળતી માહિતી મુજબ પુષ્પાબેન પંચાલ (ઉ. વ ૬૨) નું સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મૃત્યુ થયું છે. કોટ વિસ્તારમાં જર્જરિત મકાનોને નોટિસ વિશે સવાલ કરાતા ધારાસભ્યએ કહ્યું કે મેં કમિશનરને વિનંતી કરી છે કે કોટ વિસ્તારમાં આવેલા મકાનો જે જર્જરિત હાલતમાં પહોંચી ગયા છે તેમના મકાન માલિકોને આવા મકાનો રિપેરિંગ કરવા કે પુનઃનિર્માણ કરવાની મંજૂરી આપી દેવી જોઈએ.

અમદાવાદની નવતાળની પોળમાં એક જૂનું અને જર્જરિત મકાન અચાનક ધરાશાયી થવાની ઘટના બની હતી. જે સમયે આ મકાન પડ્યું, ત્યારે કોર્પોરેશન દ્વારા ત્યાં ડ્રેનેજ લાઈનનું કામ ચાલી રહ્યું હતું. ડ્રેનેજની કામગીરી દરમિયાન થયેલી ધ્રુજારીને કારણે મકાન પત્તાના મહેલની જેમ તૂટી પડ્યું હોવાનું માનવામાં આવે છે.આ દુર્ઘટનામાં એક વૃદ્ધા અને શ્રમિક સહિત ૩ લોકો કાટમાળ નીચે દટાયા હતા. ઘટનાની જાણ થતા જ ફાયર વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને ભારે જહેમત બાદ દટાયેલા લોકોને બહાર કાઢી રેસ્ક્યુનો પ્રયાસ કર્યો હતો. જોકે વૃદ્ધ મહિલાને બચાવી ન શકાયા.

માહિતી અનુસાર મકાન ધરાશાયી થતાં જ તંત્રમાં દોડધામની સ્થિતિ સર્જાઈ હતી. ફાયરબ્રિગેડની ટીમ અને પોલીસ તથા મ્યુનિસિપલ કોર્પોરેશન એસ્ટેટ વિભાગની ટીમ પણ તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળે દોડી આવી હતી અને બચાવ કામગીરી હાથ ધરતાં મકાનમાં દટાયેલા લોકોને બચાવવાના પ્રયાસ હાથ ધર્યા હતા. ઘટના સ્થળના દ્રશ્યોને જોતા આ ઘટના ભયાનક હોય તેવો આભાસ થઈ રહ્યો છે.

# ગુજરાતમાં કોંગ્રેસ અને ભાજપ સાથે મળીને કામ કરે છેઃ અમદાવાદમાં પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને ભાજપ કોંગ્રેસ પર કર્યા ગંભીર આક્ષેપ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ



પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન હાલમાં ગુજરાતની મુલાકાતે છે. ત્યારે તેમણે અમદાવાદમાં પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. જેમાં તેમણે ગુજરાતની રાજકીય સ્થિતિ, આરોગ્ય, વિજળી, ચુંટણી વ્યવસ્થા અને નશાખોરી જેવા મુદ્દાઓ ને લઈ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે જણાવ્યુ હતુ કે પંજાબની જેમ ગુજરાતમાં પણ દરેક નાગરીકને કોઈપણ પ્રકારના પ્રમાણપત્ર વગર રૂપીયા ૧૦ લાખ સુધીની મફત સારવારની યોજના લાગુ થવી જોઈએ. ભગવંત માને વધુમાં કહ્યુ હતુ કે આરોગ્ય એ દરેક નાગરીકનો અધિકાર છે અને તેમાં કોઈ શરતો ન હોવી જોઈએ. ગુજરાતમાં કોગ્રેસ અને ભાજપ સાથે મળીને કામ કરે છે. ગુજરાતની રાજકીય સ્થિતિ પર ટીપ્પણી કરતા ભગવંત માને આરોપ લગાવ્યો હતો કે ગુજરાતમાં કોંગ્રેસ અને ભાજપ સાથે મળીને કામ કરે છે. તેમણે સવાલ કર્યો હતો કે જયારે બંને પાર્ટીઓ એકબીજાની મદદ કરે છે ત્યારે રાજયમાં સાચો વિપક્ષ છે કયાં ? તેમણે ભાજપ સરકારની નીતિ અને નિયત પર સવાલો ઉઠાવતા કહ્યુ હતુ કે સરકારની નિયત યોગ્ય નથી. એટલે તે જનતા માટે કંઈ કરી શકતી નથી. તેમણે ગુજરાતની જનતાને અપીલ કરી હતી કે આમ આદમી પાર્ટી એટલે કે જનતાની સરકાર બનાવો, પ્રેસ કોન્ફરન્સ દરમિયાન ભગવંત માને કહ્યુ હતુ કે આઝાદી પછી કોઈપણ સરકારે ખરેખર લોકો માટે વિચાર કર્યો નથી. તેમણે પંજાબ સરકારની યોજનાઓનુ ઉદાહરણ આપતા જણાવ્યુ હતુ કે પંજાબમાં તમામ લોકોને ૩૦૦ યુનિટ વિજળી મફત આપવામાં આવી રહી છે. અને તેના કારણે ૯૦ ટકા લોકોને વિજળીનુ બીલ જ આવતુ નથી. તેમણે આયુષ્યમાન ભારત યોજનાની ટીકા કરતા કહ્યુ હતુ કે તેમાં ઘણી શરતો હોવાથી ઘણા લોકો આ સુવિધાઓથી વંચિત રહી જાય છે. કોંગ્રેસે આ બધુ ભાજપના કહેવાથી કરવામાં આવ્યુ હતું. રાજકીય મુદ્દાઓ પર બોલતા ભગવંત માને આરોપ લગાવ્યો હતો કે કોંગ્રેસે જાણ બુઝીને પોતાના ઉમેદવાર ગોપાલ ઈટાલીયા સામે ઉમેદવાર ઉભા કર્યા હતા અને આ બધુ ભાજપના કહેવાથી કરવામાં આવ્યુ હતું. તેમણે કહ્યુ હતુ કે કોંગ્રેસના નેતાઓ હવે ભાજપમાં જોડાઈ રહ્યા છે. તો પછી કોંગ્રેસ પોતે શુ કરી રહી છે તે સવાલ ઉઠી રહ્યો છે. વધુમાં તેમણે કહ્યુ હતુ કે ભાજપના ધારાસભ્યો અને મંત્રીઓના સરકારમાં કામ થતા નથી. ત્યારે પ્રજાના કામો આ સરકાર કેવી રીતે કરતી હશે તે એક મોટો સવાલ ઉઠી રહ્યો છે.

ચુંટણી પ્રક્રિયા અંગે પણ ભગવંત માને જણાવ્યુ હતુ કે તેમણે એસઆઈઆર અને વોટચોરીના મુદ્દે ઈલેકશન કમિશને જાહેરમાં સ્પષ્ટતા કરવી જરૂરી હોવાનુ જણાવ્યુ હતું. સાથે સાથે તેમણે નશાખોરી મુદ્દે કહ્યુ હતુ કે પંજાબમાં ડ્રગ કલ્ચર સામે યુધ્ધના ધોરણે કાર્યવાહી ચાલી રહી છે. તેમણે દાવો કર્યો હતો કે પંજાબ પોલીસ ગુજરાતમાં આવીને પણ ૩ હજાર કિલો નશીલા પદાર્થો ઝડપી ચુકી છે. ભયંકર પુર બાદ પણ પંજાબે ૧૫૬ કિલો મેટ્રીક ટન અનાજનુ ઉત્પાદન કર્યુ, સુરક્ષા મુદ્દે બોલતા ભગવંત માને જણાવ્યુ હતુ કે પંજાબ રાજયની પાકિસ્તાન સાથે ૫૩૨ કિ.મી. ની સીમા છે. જયાંથી ડ્રોન મારફતે નશીલા પદાર્થો અને અન્ય ગેરકાયદેસર પ્રવૃત્તિઓ થતી રહે છે. જેને રોકવા માટે પંજાબ સરકાર કડક પગલા લઈ રહી છે. તેમણે વધુમાં કહ્યુ કે ભયંકર પુર બાદ પણ પંજાબે ૧૫૬ કિલો મેટ્રીક ટન અનાજનુ ઉત્પાદન કર્યુ તે પંજાબ સરકારનું જમા પાસુ છે. જે રાજયના ખેડુતોએ સંકટમાં પણ કેવી રીતે કામ કર્યુ તેનુ ઉત્તમ ઉદાહરણ છે.

# અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે રાવળ યોગી સમાજ દ્વારા ચોથો વિદ્યારત્ન એવોર્ડ સમારોહ યોજાયો

પ્રતિનિધિ,ગાંધીનગર




અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસાના મદાપુર કંપા રોડ પરના ડો.બાબા સાહેબ આંબેડકર ભવન હોલમાં અરવલ્લી જિલ્લા રાવળ યોગી (સમાજ) વિકાસ મંડળ દ્વારા ચોથો વિદ્યારત્ન એવોર્ડ સમારોહ ગઈ તારીખ ૨૫ જાન્યુઆરીના રોજ યોજાયો હતો.

આ સન્માન સમારોહના પ્રમુખ ભલાભાઈ રાવળ તથા શિક્ષણ સમિતિના પ્રમુખ રાજુભાઈ બાકરોલ તથા શિક્ષણમંત્રી શૈલેષભાઈ સહિતનાઓએ સન્માન સમારોહને ભારે જહેમત ઉઠાવી સફળ બનાવ્યો હતો. આ સન્માન સમારોહ ના મુખ્ય મહેમાન કેશવલાલ તથા કારોબારી સભ્યો તેમજ શિક્ષણ સમિતિના સભ્યોની આગેવાની હેઠળ આ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ સફળ રહેતા અરવલ્લી જિલ્લા રાવળ યોગી વિકાસ મંડળના તમામ વિદ્યાર્થી ભાઈ બહેનો તેમજ દાતાઓએ આગેવાનોનો આભાર માન્યો હતો.

# મુખ્યમંત્રી અને રાજયપાલની સુરક્ષા માટે સરકાર લેશે નવુ હેલીકોપ્ટરઃ રૂ.૩૦ કરોડની કરાઈ જોગવાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર



મુખ્યમંત્રી અને રાજયપાલની મુલાકાતો દરમિયાન સુરક્ષા અને ઉડ્ડયન સંબાધિત જરૂરીયાતોને ધ્યાનમાં રાખીને રાજય સરકાર એક નવુ હેલીકોપ્ટર ખરીદવાની યોજના બનાવી રહી છે. હાલમાં રાજય સરકાર પાસે ૨૦૦૭ માં ખરીદાયેલા એએસ ૩૬૫ ડોફીન હેલીકોપ્ટર છે. જે લગભગ ૧૯ વરસ જુનુ થઈ ગયુ છે અને તેમાં વારંવાર ટેકનીકલ ખામીઓ બહાર આવી રહી છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને ઉડ્ડયન વિભાગના પ્રસ્તાવના આધારે નાણાંવિભાગ અને ઉડ્ડયન વિભાગના અધિકારીઓની સમિતિ બનાવવામાં આવી છે.

સમિતિએ હાલના હેલીકોપ્ટર ની ટેકનીકલ તપાસ કરી નવી ખરીદી ની ભલામણ કરી છે. ચાલુ નાણાંકીય વર્ષ માટે સરકાર દ્વારા રૂપીયા ૩૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ખરીદી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ૨૦૨૬ ના અંત સુધીમાં નવુ હેલીકોપ્ટર ઉપલબ્ધ થવાની શકયતા છે. હાલના હેલીકોપ્ટરની ખામીના કારણે સરકારને ઘણી વાર ખાનગી વિમાનો પર નિર્ભર રહેવુ પડે છે. જેથી નવુ હેલીકોપ્ટર સંપાદન જરૂરી બન્યુ છે.

રાજય સરકાર ના મુખ્યમંત્રી અને રાજયપાલની મુલાકાતો દરમિયાન સુરક્ષા જરૂરીયાતોને ધ્યાનમાં રાખીને એક નવુ હેલીકોપ્ટર ખરીદવાનુ આયોજન કરી રહી છે.

હાલમાં રાજય સરકાર પાસે ૨૦૦૭ માં ખરીદેલુ એએસ ૩૬૫ ડોફીન હેલીકોપ્ટર છે. જે ૧૯ વરસ જુનુ છે અને તેમાં વારંવાર ટેકનીકલ સમસ્યાઓનો સામનો કરવો પડે છે. વર્તમાન પરીસ્થિતિને ધ્યાનમાં લેતા ઉડ્ડયન વિભાગના પ્રસ્તાવના આધારે એક સમિતિની રચના કરવામાં આવી છે. જેમાં નાણાં અને ઉડ્ડયન વિભાગના અધિકારીઓનો સમાવેશ થાય છે. સમિતિએ હાલના હેલીકોપ્ટર ની ટેકનીકલ સ્થિતિની તપાસ કરી છે અને નવુ ખરીદવા માટે ભલામણો કરી છે. ચાલુ નાણાંકીય વર્ષ માટે રૂપીયા ૩૦ કરોડની જોગવાઈ પણ કરવામાં આવી છે. ખરીદી પ્રક્રિયા પુર્ણ થયા પછી સરકાર ૨૦૨૬ ના અંત સુધીમાં નવુ હેલીકોપ્ટર મેળવવાની અપેક્ષા રાખે છે. સમિતિની પસંદગી પછી હેલીકોપ્ટરની ખરીદીની સમિક્ષા કરવામાં આવશે અને તેનો ઉપયોગ મુખ્યમંત્રી અને અન્ય વીઆઈપી માટે કરવામા આવશે. હાલના હેલીકોપ્ટરના જુના અને વારંવાર ભંગાણને કારણે રાજય સરકારને કયારેક ખાનગી વિમાનો પર આધાર રાખવો પડે છે. જેના કારણે નવા હેલીકોપ્ટરનુ સંપાદન જરૂરી બને છે.

# ગુજરાતમાં આંતરરાજય બાળ તસ્કરી રેકેટનો પર્દાફાશઃ ૧૫ દિવસના બાળકનુ રેસ્કયુ કરાયુ

**બાળકને સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર ઈડર રોડ પર થી કરાઈ હતી તસ્કરી**

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે એક સંવેદનશીલ ઓપરેશન પાર પાડીને આંતરરાજય બાળ તસ્કરી રેકેટનો પર્દાફાશ કર્યો છે. ગુજરાત એટીએસ તરફથી મળેલી ચોકકસ બાતમીના આધારે ગઈ કાલે બુધવારે વોચ ગોઠવીને એક મહિલા સહિત ૩ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. પોલીસને આરોપીઓ પાસેથી માત્ર ૧૫ દિવસનુ નવજાત બાળક મળી આવ્યુ છે. જેને સુરક્ષિત રીતે છોડાવવામાં આવ્યુ છે.

ક્રાઈમ બ્રાન્ચની પ્રાથમિક પુછપરછમાં અનેક ચોંકાવનારી વિગતો બહાર આવી હતી. આ ૧૫ દિવસનુ બાળક સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ઈડર હાઈવે પરથી યુનુસ નામના શખ્સ પાસેથી મેળવવામાં આવ્યુ હતું. આરોપીઓએ આ બાળક એક દંપત્તિ પાસેથી રૂપીયા ૩ લાખ ૬૦ હજારમાં ખરીદ્યુ હોવાનુ બહાર આવ્યુ છે. ઝડપાયેલા આરોપીઓ આ બાળકને હૈદ્રાબાદ લઈ જવાની પેરવીમાં હતા. ધરપકડ કરાયેલા ૩ પૈકી ૨ આરોપીઓ ગત વરસે પણ હૈદ્રાબાદમાં બાળ તસ્કરીના કેસમાં ઝડપાયા હતા. તે સમયે તેમની પાસેથી ૩ બાળકો મળી આવ્યા હતા. જેમાંનુ એક બાળક અમદાવાદનુ હતું. તપાસમાં બહાર આવ્યુ હતુ કે આ ટોળકી સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લાના અંતરીયાળ ગ્રામીણ વિસ્તારોમાં સામાજિક કારણોસર નવજાત બાળકોને વેચવાના કિસ્સાઓ વધુ જોવા મળે છે અને આ ટોળકી તકનો લાભ લઈ બાળકોની ઉઠાંતરી કરતી હોય છે.

ગુજરાત એટીએસ દ્વારા મળેલી અને ૨૮ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ ડીસીબી ક્રાઈમ બ્રાન્ચ સાથે શેર કરવામા આવેલી ચોકકસ બાતમીના આધારે પીએસઆઈ જે સી દેસાઈના નેતૃત્વમાં એક ટીમે કાર્યવાહી કરી હતી. આ ટીમમાં એએચસી કનુભાઈ ભુપતભાઈ, એપીસી વેલાજી હેમાજી, એપીસી સુરેશભાઈ લાલજીભાઈ અને મહિલા પોલીસ કોન્સ્ટેબલ કાશ્મિરાબેન કાંતીભાઈ સહિતની ટીમે આ ઓપરેશન પાર પાડયુ હતું. ટીમે એરપોર્ટની બાઉડ્રી વોલ પાસે કોતલપુર પંપીગ સ્ટેશન નજીક વોચ ગોઠવી હતી. તે દરમિયાન હિંમતનગર થી એરપોર્ટ તરફ આવી રહેલી સફેદ મારૂતી અર્ટીગા જેનો રજીસ્ટ્રેશન નંબર જીજે ૦૧ એમટી ૨૬૦૦ ને રોકી તલાસી લેવામાં આવતા તેમાં સવાર વ્યકિતઓ પાસેથી એક નવજાત શીશુ મળી આવ્યુ હતું. જેમાં ધરપકડ કરાયેલ આરોપીઓમાં (૧) વંદનાબેન જીગરાભાઈ પંચાલ ઉ.વ.૬૪ (રહે. મુકેશનગર સોસાયટી ઓઢવ અમદાવાદ, મુળ રહે. અયોધ્યા ઉત્તર પ્રદેશ) (૨) રોશન ઉર્ફે સજજન મહાવીરપ્રસાદ અગ્રવાલ ઉ.વ.૪૨ (રહે. હૈદ્રાબાદ તેલંગાણા મુળ રહે ઝુઝનુ રાજસ્થાન) (૩) સુમિત બચ્ચનભાઈ યાદવ ઉ.વ. ૨૭ (રહે. બીજલ હોમ્સ વટવા અમદાવાદ મુળ રહે. સુલતાનપુર ઉત્તરપ્રદેશન) (૪) મૌલિક ઉમિયાશંકર દવે ઉ.વ.૩૨ જે વાહન ચાલક ફરાર થઈ ગયેલ છે જેની તપાસ ચાલુ છે. આરોપીઓની પુછપરછ દરમિયાન આરોપીઓએ




કબુલાત કરી હતી કે તેઓએ આ નવજાત શીશુ ને હિંમતનગર નજીક રહેતા મુન્નુ નામના વ્યકિત પાસેથી રૂપીયા ૩ લાખ ૬૦ હજારમાં ખરીદ્યુ હતુ. તેઓ આ બાળકને હૈદ્રાબાદમાં નાગરાજ નામના એજન્ટ ને વેચવા જઈ રહ્યા હતા. પોલીસે આરોપીઓ પાસેથી રોકડ રૂપીયા ૧૦૦૫૦, મોબાઈલ ફોન ૪ નંગ જેની અંદાજીત કિંમત રૂપીયા ૫૫ હજાર, તેમજ મારૂતી અર્ટીગા કાર ને જપ્ત કરી કાર્યદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. બચાવવામાં આવેલા નવજાત શીશુ ને તાત્કાલીક સંભાળ અને તબીબી નિરીક્ષણ માટે ચાઈલ્ડ હેલ્થ ઓફીસરને સોંપવામાં આવ્યુ છે. આ તસ્કરી સિન્ડિકેટ ના મોટા નેટવર્ક નો પર્દાફાશ કરવા અને ફરાર વચેટીયાઓને પકડવા માટેના પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

# અસલાલીમાં ૧.૮૬ કરોડના દારૂ ઉપર રોલર ફેરવાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ ગ્રામ્યના અસલાલી ડિવિઝન હેઠળ આવતા વિવિધ પોલીસ સ્ટેશનો દ્વારા પ્રોહિબિશનના ગુનાઓમાં કબજે કરવામાં આવેલા વિદેશી દારૂના જથ્થાનો નાશ કરવામાં આવ્યો. પોલીસ દ્વારા અલગ-અલગ રેડ દરમિયાન પકડાયેલા કરોડોની કિંમતના મુદ્દામાલ પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું.

અસલાલી ડિવિઝન પોલીસ દ્વારા કુલ ૪૦,૨૫૯ નંગ વિદેશી દારૂની બોટલો, જેની અંદાજિત કિંમત રૂપિયા ૧,૮૬,૨૧,૮૦૫/- થાય છે તેનો નાશ કરવામાં આવ્યો હતો. આ જથ્થો અસલાલી, કણભા અને વિવેકાનંદનગર પોલીસ સ્ટેશનના વિસ્તારમાંથી છેલ્લા કેટલાક મહિનાઓ દરમિયાન પકડવામાં આવ્યો હતો.

અસલાલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ખુલ્લી જગ્યામાં આ તમામ મુદ્દામાલ પર રોલર ફેરવીને તેનો નિકાલ કરવામાં આવ્યો હતો. આ કામગીરીમાં ત્રણ મુખ્ય પોલીસ સ્ટેશનોના મુદ્દામાલનો સમાવેશ કરાયો હતો. જેમાં અસલાલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં તારીખ ૦૧/૧૦/૨૦૨૫થી તારીખ ૨૦/૦૧/૨૦૨૬ સુધી પકડાયેલી કુલ ૨૮,૫૫૫ બોટલ, કણભા પોલીસ સ્ટેશન વિસ્તારમાં તારીખ ૦૧/૦૮/૨૦૨૫થી તારીખ ૩૧/૧૨/૨૦૨૫ સુધી પકડાયેલી કુલ ૨,૯૯૯ બોટલ અને વિવેકાનંદનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં તારીખ ૦૧/૦૮/૨૦૨૫થી તારીખ ૩૧/૧૨/૨૦૨૫ સુધી પકડાયેલા કુલ ૮,૭૦૫ બોટલનો નાશ અસલાલી ખાતે કરાયો હતો. આમ અસલાલી ડિવિઝન દ્વારા કુલ રૂપિયા ૧.૮૬ કરોડથી વધુની કિંમતના મુદ્દામાલનો નાશ કરવામાં આવ્યો હતો.

# બગદાણા વિવાદ મામલે ભાવનગરમાં ન્યાય સભાના બેનરો ફાડી નાખતા કોળી સમાજ માં આક્રોશ

**બાઈક પર આવેલા ૨ ઈસમોની બહાર આવી કરતુતઃ વધુ ૩ વ્યકિતઓને એસઆઈટીનુ તેડુ**

પ્રતિનિધિ,ગાંધીનગર

બગદાણામાં કોળી સમાજના યુવા સરપંચ નવનીત બાલધીયા પર થયેલા હુમલા મામલે ગુજરાતી લોક કલાકાર માયાભાઈ આહીરના પુત્ર જયરાજ આહીરની ધરપકડ થઈ છે. તેમ છતાં કોળી સમાજ નવનીત બાલધીયા ને હજુ ન્યાય નથી મળ્યો હોવાનુ માની રહી છે. આ જ કારણોસર ભાવનગરમાં આગામી તારીખ ૧ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ ન્યાય સભાનુ આયોજન કરવામાં આવ્યુ છે.



કોળી સમાજની ન્યાય સભાના બેનરો ફાડી નાખવામાં આવતા કોળી સમાજ માં આક્રોશ ફેલાયો છે. સમાજના આગેવાનોનુ માનવુ છે કે નવનીત બાલધીયા પર હુમલો કરવા મામલે હજુ અન્ય દોષિતોની ધરપકડ થઈ નથી.

આથી તેમની પણ જેમ બને તેમ જલ્દી ધરપકડ થાય તે માટે આગામી તારીખ ૧ ફ્રુબ્રુઆરીના રોજ ભાવનગરના કુંભારવાડામાં કોળી સમાજનુ મહાસંમેલન યોજાવવા જઈ રહ્યુ છે. રાજય સરકારના કેબિનેટ મંત્રી જીતુ વાઘાણીના મતવિસ્તારમાં આયોજીત કોળી સમાજની ન્યાય સભા માટે ઠેર ઠેર બેનરો પણ લગાડી દેવામાં આવ્યા છે. જો કે ગઈ કાલે ભાવનગર શહેરની સરીતા સોસાયટી વિસ્તારમાં બાઈક પર આવેલા બે અજાણ્યા ઈસમો દ્વારા ન્યાય સભાના બેનરો ફાડી નાખવામાં આવ્યા હતા. આ સમગ્ર ઘટના સીસીટીવી ફુટેજમાં કેદ થઈ ગઈ હતી. જેના પગલે નારાજ કોળી સમાજમા રોષ વધારે ભભુકી ઉઠયો છે.

આ મામલે કોળી સમાજના યુવા આગેવાન કિશન મેરે ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે આજે શુક્રવારે બપોરે અમારા સમાજની મીટીંગ મળવાની છે. જેમાં બેનર ફાડવા બાબતે કઈ કાર્યવાહી કરવી તેને લઈને નિર્ણય લેવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે નવનીત બાધલીયા પર જીવલેણ હુમલા મામલે ગુન્હો નોંધાયા બાદ પોલીસે ૮ આરોપીઓને ઝડપી લીધા છે. ત્યારબાદ આ સમગ્ર કેસની તપાસ એસઆઈટી ને સોંપવામાં આવી છે. એસઆઈટી દ્વારા પણ ભોગ બનનારના આક્ષેપ બાદ જયરાજ આહીર સહિત વધુ ૬ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. આમ આ સમગ્ર મામલે અત્યાર સુધીમાં ૧૪ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. ગઈ કાલે બુધવારે એસઆઈટી દ્વારા બગદાણાના શૈલેષ બારૈયા, દિનેશ ઉર્ફે દિનો અને પ્રવિણ બાંભણીયાને તેડુ મોકલવામાં આવ્યુ હતું. જેના પગલે ત્રણેય એસઆઈટી સમક્ષ હાજર થયા હતા અને પોતાનુ નિવેદન આપ્યુ હતું.

**ચુંટણીમાં ભાજપને મતો આપી જવાબ આપીશું : કાળો કાયદો દુર કરો**

# ગુજરાતમાં પણ યુજીસીના વિરોધની આગ ભભુકીઃ નારાજ સવર્ણ સમાજે ભાજપને ફેંકયો પડકાર

પ્રતિનિધિ,ગાંધીનગર



શૈક્ષણિક સંસ્થાઓમાં જાતિ આધારીત ભેદભાવ રોકવા યુનિર્વસિટી ગ્રાન્ટ્સ કમિશન (યુજીસી) દ્વારા નવા નિયમો લાદવા નકકી કરાયુ છે. ત્યારે દેશભરમાં વિરોધનો વંટોળ ઉભો થયો છે. હવે ગુજરાતમા પણ યુજીસીના વિરોધની આગ ભભુકી ઉઠી છે. કાળા કાયદાને દુર કરવાની માંગ સાથે સુરત, રાજકોટ, મહેસાણા સહિત અન્ય શહેરોમાં સવર્ણ સમાજના લોકોએ દેખાવો કર્યા હતા. સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ નજીક આવી રહી છે. ત્યારે યુજીસીના કાયદાને લઈને બ્રહ્મ / સવર્ણ સમાજ ભારોભાર નારાજ છે. આગામી દિવસોમાં આ નારાજગી ભાજપ માટે ચિંતાનો વિષય બની શકે છે. સુરત, રાજકોટ માં બ્રહ્મ સમાજ ઉપરાંત કરણી સેના દ્વારા યુજીસીના કાયદાને કાળો કાયદો ગણાવીને કલેકટર કચેરી ખાતે દેખાવો કર્યા હતા. સાથે સાથે બ્રહ્મ સમાજે રાષ્ટ્રપતિને આવેદન પત્ર પાઠવી વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે થતા ચેડા અટકાવવા માંગ કરી હતી. મહેસાણામાં પણ પાટીદાર સમાજે પણ આ કાયદાને બંધારણીય ભાવના વિરૂધ્ધ ગણાવ્યો છે. પાટીદાર નેતા વરૂણ પટેલે પ્રતિક્રિયા આપતા જણાવ્યુ હતુ કે આ કાયદા હેઠળ સવર્ણ વિદ્યાર્થી વિરૂધ્ધ ફરીયાદ થાય તો તેને હોસ્ટેલ કે કોલેજમાંથી કાઢી મુકવાની જોગવાઈ છે. પરંતુ જાણી જોઈને ખોટી ફરીયાદ કરે તો તેની સામે કોઈ કાર્યવાહીનો ઉલ્લેખ નથી. આવી જોગવાઈને કારણે સવર્ણ સમાજના વિદ્યાર્થીઓની કારર્કિદી રોળાઈ જશે તેમાં શંકાને સ્થાન નથી. આ જોતા પાટનગર ગાંધીનગરમાં પણ સવર્ણ સમાજની એક બેઠકનુ આયોજન કરાયુ છે. જેમાં આંદોલનાત્મક વ્યુહ નીતિ ઘડવામાં આવશે. કલેકટર કચેરીએ આવેદન પાઠવી બ્રહ્મ અને સવર્ણ જ્ઞાતિના આગેવાનોએ ચીમકી આપી હતી કી જો આ કાળો કાયદો પાછો ખેંચવામાં નહી આવે તો આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં ભાજપને મત શકિતથી જવાબ આપવામાં આવશે. આમ યુજીસી ના કાયદાને લઈને બ્રહ્મ અને સવર્ણ સમાજના સંગઠનો લડાયક મુડમા આવી ગયા છે જે ભાજપ માટે ચિંતાનો વિષય છે.

# અમદાવાદ કલેકટર કચેરીમાં આધારકાર્ડ બનાવવા માટે ૩૨ હજારની લાંચ લેતા ૩ ઝડપાયા

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં સરકારી કચેરીઓમાં લોકોના કામ કરવા માટે લાંચ માંગતા અધિકારીઓને પકડવા માટે એસીબી સક્રિય હોવા છતાં જાણે કોઈ ડર જ ન રહ્યો હોય તેમ કર્મચારીઓ સામેથી લાંચ માંગી રહ્યા છે. અમદાવાદ કલેકટર કચેરીમાં આધારકાર્ડ બનાવવા માટે લાંચ માંગનારા ૩ કર્મચારીઓ ઝડપાયા છે. આ ત્રણેય કર્મચારીઓ અમદાવાદ કલેકટર કચેરીના જનસેવા કેન્દ્રમાં કામ કરતા હતા. આધારકાર્ડ બનાવવા આ ત્રણેય ઈસમોએ રૂપીયા ૩૨ હજારની લાંચ માંગી હતી. અમદાવાદ કલેકટર કચેરીના જનસેવા કેન્દ્રમાં કામ કરતા ૩ કર્મચારીઓ લાંચ લેતા એસીબીના હાથે ઝડપાઈ ગયા હતા. એસીબીએ પ્યુન (પટાવાળો) કોમ્પ્યુટર ઓપરેટર અને વચેટીયાને ઝડપી લીધો છે. આરોપીઓ ૩૨ હજારની લાંચ લેતા ઝડપાયા હતા. જેમાં કરાર આધારીત પ્યુન (પટાવાળો)



દિલીપ પંચોલી, કોમ્પ્યુટર ઓપરેટર ભાગ્યેશ સોલંકી અને વચેટીયાની ભુમિકા ભજવનાર સંદિપ પ્રજાપતિને ઝડપી લેવામાં આવ્યો છે.